લેખક :
વ્યાખ્યાન વાચસ્પતિ જૈનાચાર્ય
શ્રીમદ્વિજયયતીન્દ્રસૂરીશ્વર ચરણોપાસક
મુનિ જયન્તવિજય 'મધુકર'


પ્રકાશક :
શ્રી રાજેન્દ્રસૂરિ સાહિત્ય પ્રકાશન મંદિર
રતનપોળ, હાથીખાના
અમદાવાદ

વીર સં૦ ૨૪૯૧
શ્રીરાજેન્દ્રસૂરિ સં૦ ૫૯
વિક્રમ સં૦ ૨૦૨૨

કિંમત : ૧=૫૦ પૈસા

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ, ઘીકાંટા
અમદાવાદ

વ્યાખ્યાન વાચસ્પતિ જૈનાચાર્યદેવ



શ્રીમદ્વિજય યતીન્દ્રસૂરીશ્વરજી મહારાજ

સમર્પણ...

સન્મતિ સંદેશવાહક

સૌમ્યમૂર્તિ


પ્રબળ પ્રભાવક

પરમોપકારી પૂજ્ય ગુરુદેવ ભગવંત

શ્રીમદ્વિજયયતીન્દ્રસૂરીશ્વરજીમહારાજને

ચરણપદ્મપંકજમધુપ

'જયન્ત'



ઊંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા.

લેખક તરફથી

મંત્ર.

નામ સાંભળતાં જ સહુને ગમી જાય,

પરંતુ પૃથ્વીના પટાંગણમાં મંત્રો અનેક છે, અનેક જાતના છે, એના પ્રરૂપકો પણ અનેક અને જુદાજુદા સ્વભાવના.

લક્ષ્મી અને સરસ્વતીને સાધવાના મંત્રો,

વશીકરણ અને સ્થિરીકરણના મંત્રો,

મારણ અને ઉચ્ચાટનના મંત્રો,

વૈરીને વશ કરવાના મંત્રો,

અગ્નિને શાંત કરવાના મંત્રો,

ગજરાજ અને વનરાજના ભયનિવારક મંત્રો,

અનેક મંત્રો છતાં બધાય અન્યના ઉપર અસર કરનાર, સ્વયંને એ મંત્રથી શક્ય સિદ્ધિની સંભાવના ઓછી.

મંત્ર જીવનનું ઊર્ધ્વીકરણ કરનાર હોવો જોઈએ.

પ્રસ્તુત પુસ્તકમાં એનો ચિતાર બતાવવાનો પ્રયત્ન કરાયો છે. મન, વચન અને કાયા ત્રણેની ઐક્યતાથી આ મંત્રોને જીવનની સાથે જોડી દેવામાં આવે તો અપૂર્વ આનંદની પ્રાપ્તિ થઈ શકે છે.

અનુભવ, ચિંતન. મનન, વાંચન અને શ્રવણના પરિપાક રૂપે આ સંકલના થઈ શકી છે.

જીવન જીવનાર ઘણા મળે છે, જીવી જાણનાર ઓછા મળે છે. કેવી રીતે જીવવું? એના જવાબ માટે જ આ 'જીવન મંત્ર' દરેકના સામે છે. એનાં પૃષ્ઠો ખોલીને વાંચન મનન કરી લેવાનું સહુને નિવેદન છે.

પ્રકાશનને પ્રકાશિત કરવામાં ઉદારતા દાખવનાર મહાનુભાવોને ધન્યવાદ સાથે ભવિષ્યમાં આવી ઉદારતા દાખવવાની ભલામણ છે.

શ્રી રાજેન્દ્રસૂરિ જ્ઞાન મંદિર
રતનપોળ, હાથીખાના
અમદાવાદ.
નૂતન વર્ષારંભ, ૨૦૨૨

લેખક

થોડુંક

એક અંગ્રેજ લેખકે સાચું જ કહ્યું છે કે,

"The thoughts of a philosopher come from the mind but those of a saint come from the mind and heart both." અર્થાત્ તત્ત્વચિંતકના વિચારો એના ચિત્તનો પરિપાક છે, જ્યારે સંતના વિચારો ચિત્ત અને હૃદય બંનેનો પરિપાક હોઈ એમાં સાધનાના અપૂર્વ અનુભવનું જીવનરસાયણ મિશ્રિત હોય છે.

સંતનું જીવન સાધનામય હોય છે અને એથી એમની બોલીમાં કે વાણીમાં અનુભવજન્ય સત્યનો રણકો હોય છે જે જ્ઞાનીમાં ઓછો જોવા મળે છે.

પ્રસ્તુત પુસ્તક જીવનમંત્ર ભારતીય સાહિત્યમાં શ્રેષ્ઠ અને છતાં બહુ ઓછે સાધ્ય એવી સૂત્રાત્મક શૈલીમાં લખાએલ છે. સાગર જેવા ગહન જીવનરહસ્યોને ઝાકળ જેવા બિન્દુમાં સમાવીને ભાષાની વિશદતા અશેષ રાખવાની સર્જનકળા અહીં મદદ અંશે આપણે વ્યક્ત થયેલી જોઈએ છીએ.

જીવનને ઉન્નત બનાવે, મલિનતાને નષ્ટ કરે, ધર્મવિમુખને ધર્માભિમુખ બનાવે, નિરાશાને આશામાં બદલી નાખે અને અજ્ઞને જ્ઞાનનાં કિરણો અર્પે એવા સુભાષિતો જેવાં આ ગદ્યકુસુમોનો પમરાટ અવશ્ય જૈન અને જૈનેતર વાચકને, કંઈક અપૂર્વ વાંચવાનો સંતોષ અર્પશે.

આવાં પુસ્તકો જૈન સમાજને અને ખરું કહીએ તો જગતને સુપથે દોરવા માર્ગદર્શકનું કાર્ય કરતાં હોય છે— ઇચ્છીએ પૂ. મહારાજ સાહેબની આવી કલમપ્રસાદી વધુ ને વધુ મળતી રહે.

આમુખ સામાન્યતઃ લેખક કરતાં વયે કે જ્ઞાને વૃદ્ધ હોય એવી વિદ્વાન વ્યક્તિ લખે છે પણ અહીં ક્રમ ઊલટો થયો છે. પૂ. મહારાજ બંને રીતે મારા કરતાં આગળ છે.

જૈન સમાજનું આ એક સુંદર સર્જન છે ને એનો ફેલાવો પ્રત્યેક જૈનના ઘરમાં થાય એ જ ઇચ્છા.

૧૧, સુભાપનગર
અમદાવાદ-૪

શાંતિ ના. શાહ (સત્યમ)
બી. એ. (ઓનર્સ)



જીવન મંત્રોનો જાપ

આ પુસ્તકના પ્રવેશકમાં માત્ર બે જ મુદ્દા ચર્ચવાના છેઃ

૧ કેવો યોગાનુયોગ.

૨ જીવનમંત્રોનો જાપ.

મારી ઉંમર આશરે દશેક વર્ષની હશે ત્યારે આ પુસ્તકના યોજક જેમને પોતાના પ્રગુરૂ એટલે લોક ભાષામાં પિતામહ માને છે તે શ્રી રાજેન્દ્રસૂરિજી મારા ગામ વલભીપુર-વળા-પધારેલા. તેમનું આજાનબાહુ સંસ્થાન અત્યારે પણ મને પ્રત્યક્ષવત્ ભાસે છે. માનું છું કે તેઓશ્રી શ્રીશત્રુંજય તીર્થ યાત્રાર્થે જતા હોય કે ત્યાંથી પાછા ફરતા હોય ત્યારે વળા આવેલા. જે ચિત્ર તેમનું તેમના પ્રતિબિંબમાં છે તે જ મેં નજરોનજર જોએલું અને તે મનમાં એવું ચોંટી ગયું કે અત્યારે પણ તેમને હું પ્રત્યક્ષ કરી શકું છું.

આ પછી આશરે વિક્રમ સં. ૧૯૭૫માં શ્રીમદ્ રાજેન્દ્ર-સૂરિજીએ યોજેલા અભિધાનરાજેન્દ્ર નામના મહાકાય કોશના સંશોધન માટે રતલામ (મ. પ્ર.) જઈને રહેવાનો મારે પ્રસંગ આવ્યો. ત્યારે સૂરિજી પોતે નિર્વાણ પામેલા. જો કે મારી પ્રબળ ઇચ્છા હોવા છતાં પણ કાળગતિ સમજો મને કાર્ય અંગે પ્રતિકૂળતા થવાથી એ કામ મારાથી બની શક્યું નહિ. આ રીતે મારા નાનપણના શ્રી સૂરિજી સાથેના સંપર્કના અનુસંધાનમાં કેમ જાણે રતલામનો પ્રસંગ ન બન્યો હોય! અને ત્યાર પછી આ વર્ષમાં જ સૂરિજીના પ્રશિષ્ય મુનિ શ્રી જયન્તવિજયજી સાથે મારો સંપર્ક થયો. આ બધો કેવો યોગાનુયોગ?

વાત એમ બની કે મને મારા કામકાજના આડે થોડી પણ નવરાશ મળતી નથી. છતાં પં. શ્રીદલસુખભાઈ, પં.

મારા અંબાલાલભાઈ તથા સ્નેહીશ્રી રતિલાલભાઈ દેસાઈની મજબૂત પ્રેરણાને લીધે મુનિશ્રીજયન્તવિજયજીને અભ્યાસ કરાવવાનું માથે લીધું. મને ખરેખર લાગ્યું કે મુનિશ્રી વિનયી, વિદ્યાના વિશેષ ખપી અને સરળ પ્રકૃતિ છે એથી જ ખાસ કરીને એ દિવસ અધ્યાપનની જવાબદારી વ્હોરી. અને ઉપાસકોએ મને પૂરી સગવડ કરી આપી. આમ શ્રીરાજેન્દ્રસૂરિજી સાથે મારો જે ધર્મતંતુ સંધાયો હતો તે આજે ફરી સંધાઈને દૃઢ થાય છે.

મુનિશ્રી જ્ઞાનપ્રાપ્તિ સાથે પોતાના યુગાનુરૂપ સુંદર વિચારોને શ્રી રાજેન્દ્રસૂરિજ્ઞાન મંદિરમાં મૂકેલ પાટિયા ઉપર સરળ ભાષામાં લખીને લોકોને જાગૃત કરવાનો પ્રયત્ન પણ કરતા રહે છે.

પ્રસ્તુત 'જીવન મંત્ર' પુસ્તક એ સુવિચારોનું સંકલન છે. ખરેખર આ 'જીવન મંત્ર' પુસ્તક મને તો મંત્રની પેઠે લાખ લાખ વાર જાપ કરવા જેવું લાગ્યું.

યોજકે જીવનમંત્રોના મનોહર શબ્દ સાથિયા પાને પાને પૂરેલા છે. તમામ સાથિયાનો એક જ ધ્વની છે કે વર્તમાન-કાળમાં જીવનને ઉન્નત કરવા પ્રયાસ કરશો તો ભવિષ્યકાળમાં જીવન આપોઆપ ઉન્નત થઈ શકશે.

સમજવાનું એ છે કે એક સરખો વિચાર જુદી જુદી રીતે વારંવાર બનાવવામાં આવે. જુદા જુદા શબ્દો દ્વારા જાહેર કરવામાં આવે, ગદ્ય યા પદ્ય દ્વારા, સચિત્ર યા વિવિધ ચિત્રો દ્વારા, તે વખત જતાં વાંચનારના જાગૃત મન ઉપર અસર કરી જાય છે. આ વાત ચિત્તશાસ્ત્રનો અભ્યાસી બરાબર સમજી શકે છે. અનુભવી, વિવેકી એવા આપણા સંતપુરુષો સમાજના અભ્યુદય માટે કે વ્યક્તિના શ્રેય માટે ખૂબ ખૂબ આવા પ્રયાસો કરી ગયા છે.

ઉપનિષદો, મહાભારત, પુરાણો જુઓ, જૈન આગમો કે બીજા ગ્રન્થો દેખો, બૌદ્ધ ધર્મના પિટકો જુઓ, બાઈબલ કે કુરાન સુદ્ધાં જુઓ, ભજનો, સુભાષિતો કે સૂક્તો જુઓ તો સૌ કોઈને એમાં સ્પષ્ટ જણાશે કે 'મમત્વ છોડી દો, વ્યાપક બ્રહ્મ સ્વરૂપ બનો, રાગ દ્વેષનો ત્યાગ કરો, વ્યાપક સમતા કે પ્રેમ રાખો, આ જાતની એક જ વાત કહેવાયેલી છે.

ચિત્તશાસ્ત્રનો નિયમ પુસ્તકના પ્રયોજક મુનિજી જાણતા હોય કે ન જાણતા હોય પણ તેમણે એ નિયમને અનુસરીને જ પોતાનું વલણ બનાવેલ છે.

'જીવન મંત્ર' જ નામ કેમ રાખ્યું? મને લાગે છે કે શરૂ શરૂમાં **'જીવનની કળા', જીવનની ગાડી, જીવન અમૃત યા ઝેર, રહેશે અમર આ જીવન ગ્રન્થ, જીવનનું માધુર્ય, જીવન વિકાસ;** એ તમામ મથાળાઓમાં 'જીવન' શબ્દ મૂર્ધ સ્થાને છે એથી જ પુસ્તકનું નામ '**જીવન મંત્ર**' તદ્દન વ્યાજબી છે. આ પછી **જ્ઞાન દીપ, લક્ષ્ય અને સિદ્ધિ, ક્ષમાધારકનું મહત્ત્વ, દૃષ્ટા કોણ?, મર્યાદામાં રહો, ધર્મનું ફળ, સિદ્ધિ મળે કેવી રીતે? વ્યવહાર શુદ્ધિ** અનેક સુંદર મથાળાં નીચે ટુંકાણમાં મંત્રની પેઠે વારંવાર જપવા જેવું, દત્તચિત્તે મનન કરવા જેવું વાચન ગોઠવે પીરસેલ છે.

વાંચક મંત્રની પેઠે દત્તચિત્તથી સ્પષ્ટ ઉચ્ચારણ સાથે શુચિતાની રીતે એક એક મથાળાનો લાખ લાખ વાર જાપ કરતો રહે અને મથાળા નીચે આપેલ બોધનો પણ એ જ સંખ્યામાં જાપ કરતો રહે તો જીવનમાં ઉપયોગી સંશોધન જરૂર થવાનું.

આત્માર્થી કે સુખાર્થી મનુષ્ય મંત્રવત આ પુસ્તકના બોધ વચનનો જાપ કરશે તો આત્માર્થને કે સુખાર્થને જરૂર પામવાનો.

વ્યક્તિના પ્રત્યક્ષ જીવનમાં કે સમાજના પ્રત્યક્ષ વ્યવહારમાં સરળતા, સન્તોષ, સુખ, સમાધાન સંપડાવવા માટે આ નિઃસ્પૃહ મુનિનો આ પ્રયાસ છે.

પ્રત્યક્ષ જીવનમાં સરળતા, સંતોષ, સમાધાન આદિ મળી જાય તો પરલોકમાં તો તે આપોઆપ મળી જવાનાં, પરંતુ પ્રત્યક્ષ જીવન તરફ બેદરકાર કે નફકરા રહી જવાય તો આ લોક તો જાય જ અને પરલોક પણ બગડ્યો સમજવો.

આ બધાં મંત્ર વચનો 'इह पर लोक हिताय' પ્રબોધેલાં છે. એ ક્યારેય ન ભૂલવું જોઈયે.

પુસ્તકમાં 'પ્રેયો માર્ગ અને શ્રેયો માર્ગ' આ મથાળું ૨૬ મેં પાને આવે છે અને ફરી પાછું તે જ મથાળું ૪૨ મેં પાને આવે છે. પરંતુ ચિન્તન યોજકે બન્ને મથાળાં નીચે આપેલાં સુવચનો જુદાં જુદી ભંગીનાં છે એ ધ્યાનમાં રાખવાનું છે.

પુસ્તકની ખાસ વિશેષતા તો એ છે કે એ સદાકાળ ચાલી શકે એવું છે, હમણાં વીશમી સદી છે પણ ભલે ને ત્રીશમી સદી હોય કે પચાસમી સદી હોય તો પણ આ મથાળાંને અને આ સુવચનોને કદી બદલવાની જરૂર રહે તેમ નથી.

વર્તમાનમાં આપણો દેશ જે કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે તે જોતાં ખાસ કરીને પુસ્તકમાં આપેલાં નીચેનાં મથાળાં અને તેના સુવચનોનો વિશેષ જાપ કરવા જેવો છે. **કષ્ટમાં કસોટી તાપથી તેજ, પ્રમાદથી બચો, પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરો, અનિયમિતતા જ બિમારી છે.**

હમણાં આપણા રાષ્ટ્રપતિજીએ કહેલ છે કેઃ—


'આપણે જે ઉપદેશ આપતા હોઈએ તેનું પ્રતિબિંબ (આપણામાં અને) સમાજ વ્યવસ્થામાં પણ પડવું જોઈએ અને (આપણો વ્યવહાર કે) સમાજનો વ્યવહાર પણ કોઈ રીતે દંભી ન હોવો જોઈએ.'

પ્રસ્તુત પુસ્તકના વાંચનાર, વિચારનાર, જપનાર, રાષ્ટ્રપતિજીના વચનને સમજશે તો તેઓએ કરેલ પુસ્તકનો પાઠ, જાપ કે વાંચન જરૂર સફળ લેખાશે અને સાથે પુસ્તકના યોજકનો શ્રમ પણ સાર્થક થશે.

मिच्छामि दुक्कडम् ।

૧૨/બ, ભારતીનિવાસ
સોસાયટી
અમદાવાદ નં. ૫
તા. ૨૨-૧૦-૬૫

—બેચરદાસ દોશી



જીવનસિદ્ધિ

પ્રાચીન કથાસાહિત્યમાંથી, જીવનમાં મંત્ર કેવો અને કેટલો ભાગ ભજવે છે તેની હકીકતો આપણને જાણવા મળે છે. એ હકીકતો અસંભવને સંભવ અને અશક્યને શક્ય બનાવતી ચમત્કારભરી બતાવવામાં આવે છે.

પરંતુ આ પુસ્તકમાં એ પ્રકારના મંત્રો નથી જે આકસ્મિક ચમત્કાર કરી બતાવે. આ મંત્રોનો સંબંધ છે જીવનઘડતર સાથે, જે માનવીને સહજ સુખની પ્રાપ્તિ કરાવે.

ચમત્કારવાળા મંત્રો તો વશીકરણ, મારણ, ઉચ્ચાટન વગેરે કૃત્યોવાળા હોતાં વાસનાને પોષનારા પણ ગણાય, જ્યારે આ વચનકુસુમ—મંત્રો જીવનમાં લાગેલા મેલને ધોવાનો બોધ આપનારા છે. કર્ણાદેશની દૃષ્ટિએ બંનેમાં તફાવત હોવા છતાં અશક્યને શક્ય બનાવવારૂપ ભાવનામાં બન્ને એકમાર્ગી છે.

મુનિરાજ શ્રી જયન્તવિજયજી "મધુકર"શ્રીએ આ મંત્રોમાં કોઈને સમાજને આધાર બનાવ્યા છે તો કોઈમાં ધર્મનો આશરો લીધો છે. કોઈને રાષ્ટ્રનો સહારો આપ્યો છે તો કોઈને વ્યવહારના પાટલે ખુલ્લા મેદાનમાં બેસાડ્યા છે. કોઈને કવિતાની સરાણે ચઢાવ્યા છે તો કોઈને ભક્તિના વાતાવરણમાં ડુબકી દેવરાવી છે. આમ વિવિધ વિષયોના પ્રવાહો તેમણે સ્વાનુભવશીલ સાધુજીવનની ગંગોત્રીમાં વહેતા કર્યા છે. ગમે તે રુચિનો માનવી તે તે પ્રવાહોના ઘાટ પર બેસી આ મંત્રોનું પારાયણ કરી સિદ્ધિ મેળવે એવો રાજયોગનો રાજમાર્ગ બતાવ્યો છે.

માત્ર પારાયણથી સિદ્ધિ મળતી નથી. એ માટે તો આચરણનો કઠોર પંથ કાપવો પડે છે. મનને વળ આપી વળગેલા કષાયોનો મેલ નીચોવી નાખવો પડે.

મનને સમજાવવું કે વાળવું એ સહેલ વાત નથી. અર્જુન જેવા ગુડાકેશને પણ મનની ચંચળતા વિશે મુંઝવણ થતાં શ્રીકૃષ્ણને પૂછવું પડયું કે—

चञ्चलं हि मनः कृष्ण ।
प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये
वायोरिव सुदुष्करम् ॥ (६–३४)

હે કૃષ્ણ! મન ચંચળ છે. પ્રમથન સ્વભાવવાળું છે. તે ખૂબ દૃઢ અને બળવાન છે. આથી તેને વશમાં કરવું એ વાયુની જેમ અતિ દુષ્કર છે એમ હું માનું છું.

ખરેખર, મનના રાજતંત્ર ઉપર કેટલાયે અનધિકારીઓ ખુરસી પચાવી લઈ બેઠા છે. એણે આખાયે માનસપ્રદેશ ઉપર ઇંદ્રિયોના ઘોડાને બેફામ રીતે દોડવા દીધા, ઢુંકી ભાવનાઓને કચડી નાખવા એણે વાસનાઓનાં નગ્ન નૃત્યો સર્જ્યાં છે. મમતાના અભિસાર પાશમાં પણ એણે જકડી દીધા છે.

આવી ગુલામીમાંથી બચાવી લેવા સાધુપુરુષો આવા મંત્રો આપણને કાનમાં ફૂંકે છે અને એ દ્વારા મનને વાળવાની પ્રક્રિયાને જે શક્ય બનાવે છે તેનું જીવન નિષ્કંટક રાજમાર્ગે સિદ્ધિ મેળવી શકે છે.

શ્રી. આનંદઘનજીએ સાચું જ કહ્યું છે કે,

"મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહીં ખોટી;

એમ કહે સાધ્યું તે નવિ માનું,
એક હી વાત છે મોટી.
હો કુંથુ જિન મનડું કિમ હીન બાજે."

મનલગ કે, જેણે મનને વશમાં કર્યું છે એણે બધું સાધી લીધું છે. પણ જે એમ કહે કે "મેં મનને સાધ્યું છે. એ વાત માની શકાય એવી નથી.

એ જ અનુભવી સંતપુરુષે તો ત્યાં સુધી કહી દીધું છે કે—

"મેં જાણ્યું એ લિંગ નપુંસક,
સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર,
એહને કોઈ ન ઝેલે!
હો કુંથુજિન મનડું કિમહિન બાજે."

એ મન નપુંસક લિંગી છે છતાં મહાસમર્થ પુરુષોને પણ હરાવી મૂકે છે. પુરુષ બીજી રીતે સમર્થ છે પણ મનને નિગ્રહ કરવાનું કાર્ય મુશ્કેલ છે.

સ્પષ્ટ છે કે, સાધુપુરુષો આપણને વારંવાર મનનો નિગ્રહ કરવા ચેતવણીના સૂર સંભળાવે છે, પછી તે કવિતામાં હોય કે ગદ્યમાં હોય, ઉપદેશમાં હોય કે નાટક દ્વારા હોય કે પછી આવાં વચન કુસુમો દ્વારા હોય.

જો આપણે આવાં ઉપદેશ વચનો સાંભળી મનને વશમાં કરવાનો પ્રયત્ન કરીશું તો જીવનમાં કોઈ સિદ્ધિને વરી શકીશું એમાં સંદેહ નથી.

લા૦ દ૦ ભારતીય
સંસ્કૃતિ વિદ્યામંદિર,
નવરંગપુરા
અમદાવાદ—૯
સં. ૨૦૨૧, દીપાવલી

અંબાલાલ પ્રેમચંદ શાહ

અમારી પરબ

ગ્રીષ્મનો તાપ, લાંબો પંથ.

રસ્તે આવજા કરનારા યાત્રીઓને પંથ આકરો ન લાગે એ માટે પુણ્યાત્માઓ ઠેર ઠેર પાણીની પરબો બેસાડે અને જતા આવતાના હૃદયને ઠંડક પહોંચાડે.

સંસારનો લાંબો પંથ, આધિ, વ્યાધિ અને ઉપાધિનો તાપ. તેમાં અકળાયેલા માટે સાહિત્યકારો પોતાની પરબો માંડીને બેઠેલા છે.

અમારી આ પરબથી અમે સાહિત્યનું પાન પાઠકોને કરાવતા આવ્યા છીએ. અને અમારાં પ્રકાશનોને સારો એવો આવકાર મળ્યો છે.

પ્રસ્તુત પ્રકાશનમાં સાક્ષર વિદ્વદ્વર પં. શ્રી બેચરદાસ દોશીએ 'જીવન મંત્રોનો જાપ' પં. શ્રી અંબાલાલભાઈએ 'જીવનસિદ્ધિ' અને સ્નેહી શાંતિભાઈએ 'ચોકું' લખી આપેલ છે તે બદલ તેમનો હૃદયથી આભાર માનીએ છીએ.

અમારા આ પ્રકાશનને પ્રકાશિત કરવા માટે જે ભાવુકોએ સહકાર આપ્યો છે તેમનાં નામો પ્રકાશિત કરવાની અમારી પ્રબળ ઈચ્છા હોવા છતાં તેમણે પોતાનાં નામ પ્રકાશિત કરવાની ના પાડી છે તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ.

સાથે જ આશા રાખીએ છીએ કે અમારા આ ક્રમિક પ્રયાસને પાઠકો વધાવી લેશે. જયજિનેન્દ્ર!

રતનપોળ હાથીખાના
અમદાવાદ
દીપાવલી ૨૦૨૧

નરપત આર. બસુ
વ. શ્રી રાજેન્દ્રસૂરિ સાહિત્ય
પ્રકાશન મંદિર

જય વીયરાય

જીવન મંત્ર







: લેખક :

શ્રીમદ્વિજયયતીન્દ્ર સૂરિ શિષ્ય

મુનિ જયન્તવિજય

“ મધુકર ”

જીવનની કલા

બ્રેક વિનાની ગાડીની કોઈ કીમત નથી. પાટા વિના આગગાડીને ચાલવાનું સંભવિત નથી અને બંધન વિના પાગલ હાથીને સ્થિર રાખવો દુઃશક્ય છે. બરાબર, એ જ રીતે જ્ઞાનીઓના કથનાનુસાર નિયમ વિના જીવનની કલા પ્રાપ્ત નહીં થાય. એવા જીવનમાં કલા શોધવા જશો તો તમારી પાછળ બલા વળગશે. એનાથી બચો અને નિયમ-પૂર્વક રહો.



જીવનની ગાડી

નિયમ અર્થાત્ બંધારણ વિના જો વ્યાવહારિક કાર્યો પણ નથી થઈ શકતાં તો જીવનની સફળતાનું કાર્ય અનિયમિતતાથી કેવી રીતે થઈ શકવાનું છે? જે પાટા સિવાય ટ્રેન (ગાડી) નથી ચાલી શકતી તો જ્ઞાન અને ક્રિયાના બે પાટા સિવાય જીવનની ગાડી પણ કદાપિ ન જ ચાલી શકે. નિયમપૂર્વક રહ્યા વિના જીવનની ગાડી ક્યારેય આગળ ધપી શકતી નથી. એના માટે સન્માર્ગ-ગામીનું શરણ અને અનુસરણ જરૂરી છે.

જીવન અમૃત યા ઝેર

જીવન અમૃત પણ છે અને ઝેર પણ. પરંતુ એનો ન્યાય તો જીવન વ્યતીત કરનારની યોગ્યતા પર નિર્ભર છે. જો પોતે સ્નેહ, સંપ, મિલનસાર વૃત્તિથી પ્રેમપૂર્વક જીવે છે તો જીવન અમૃત જેવું છે. અને તેથી વિપરીત દ્વેષ, ટંટા, અથવા તિરસ્કાર કરતો રહે છે તો એનું પોતાનું જીવન જ ઝેર જેવું બને છે. જ્ઞાનીઓનું કથન છે–અમૃતને ઝેર મત બનાવો ! અમૃતનો ઉપયોગ કરી અમરતાનો માર્ગ અપનાવી લો ! જીવન ધન્ય બની જશે તમારું.



રહેશે અમર જીવનગ્રન્થ

મનના મસીપાત્રમાં બુદ્ધિની સ્યાહી ભરીને ભાવની લેખિનીથી તમારા જીવનગ્રન્થને સંપૂર્ણ લખી નાખો. તમારું આ કાર્ય અનુપમ હશે અને થશે. શરીર નહિ રહે ગ્રન્થ રહી જશે. જિંદા નહિ રહો પરંતુ જિંદાદિલી રહી જશે. જેવો લખી દેશો તમે તેવો થઈ જશે તમારો પરિચય ! સારો અને સન્માર્ગદર્શક હશે તો આદરણીય બનશે અને પ્રશંસનીય થશે. બધું ય ચાલ્યું જશે પરંતુ આ જીવનનો ગ્રન્થ અમર રહેશે.

જીવનનું માધુર્ય

ક્ષમાપના જીવનનું સબળ ઝરણું છે, જેમાં સંપૂર્ણપણે પવિત્રતા રહેલી છે. ક્ષમાપના સાધનાની શ્રેષ્ઠ કેડી છે જેથી સાધક સાધ્યને સિદ્ધ કરી શકે છે. ક્ષમાપના પતિતોને પાવન કરનારી છે, જેથી પાવકતા દૂર થઈ જાય છે. ક્ષમાપના કર્મના કચરાને બાળનારી છે જેથી કર્મોને સદાને માટે વિદાય થવું પડે છે. ક્ષમાપના જીવનનું માધુર્ય છે જે અમૃતથી પણ અધિક મધુર છે. ક્ષમાપના પરમોત્કૃષ્ટ સંજીવની છે, કેમ કે એથી માનસિક રોગોનું શીઘ્ર શમન થાય છે. ક્ષમાપના અંધકારમાં દિવ્ય જ્યોતિવત્ છે જેના સહારે પથિક પોતાના પંથ ઉપર ચાલી શકે છે.



જીવનવિકાસ

જેટલું ઘી અને ગોળ નાખો એટલો જ માલ (મિષ્ટાન્ન) મધુર અને પુષ્ટ બને છે. એમાં જેટલી ઊણપ રહેશે, અસલીપણાની એમાં એટલી જ ખોડખાંપ રહેવાની. તમારું જીવન પણ એ માલ મિષ્ટાન્નથી ઊતરતું નથી! જરા વિચાર તો કરો! તમારા પોતાના જીવનમાં સંયમનું શુદ્ધ ઘી અને મધુર વચનનો ગોળ જેટલો વધારે હશે એટલું જ તમારું જીવન પણ સર્વાંગીણ વિકસિત થશે અને દરેકને આનંદપ્રદ બનશે.

જ્ઞાનદીપ

જ્ઞાનનો દીપક જેના હાથમાં હોય છે એ ક્યારેય ગોથાં ખાતો નથી, જેને તરવાનું જ્ઞાન હોય છે એ ડૂબતો નથી. સમય પર ડૂબતાને તારવાની શક્તિ ધરાવતો હોય છે. પરંતુ એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન–આત્મજ્ઞાન હોવું જોઈએ, ભૌતિક-બહારનું જ્ઞાન નહિ.

વર્તમાન વિકટ છે, સંકટગ્રસ્ત છે અને વિપત્તિઓનાં વાદળ મંડરાયેલાં છે તેનું એક માત્ર કારણ છે આત્મજ્ઞાનનો અભાવ અને ભૌતિક જ્ઞાનનો પ્રભાવ.



લક્ષ્ય અને સિદ્ધિ

જે બાજુ દેખો એ બાજુ દુનિયા ભલા પાસાની ભાગીદાર હોય છે. બન્ને ડાળે બેસવું એને યાદ છે. એટલા માટે જ વ્યક્તિએ પોતાનું વિશુદ્ધ લક્ષ્ય બનાવી લેવું પરમ આવશ્યક છે. પછી કોઈ પણ પરિસ્થિતિમાં એને ચલિત થવાનો અવસર આવતો નથી. સાથે શરત એ છે કે વ્યક્તિએ પોતાને ધીર બનાવવો પડશે ગંભીરતાની સાથે નિશ્ચલ અને નિશ્છલ પણ બનાવવો પડશે. સહનશીલ બનીને કર્તવ્યપંથે આગળ વધવું પડશે. એમાં જ પ્રત્યેક કાર્યની સિદ્ધિ સમાયેલી છે.

ક્ષમાધારકનું મહત્ત્વ

ક્ષમા દેવી અને માગવી એ બંને વીર પુરુષનાં લક્ષણ છે. અનુચિત કરનારો મોટો નથી. અનુચિતને સમુચિત કરનારો મોટો છે. સમુચિત કરનાર માટે ક્ષમાનું શસ્ત્ર પોતાના હાથમાં હોવું જ જોઈએ. દુર્જનોનો સમૂહ કેમ ન હોય; પરંતુ તેની વચ્ચે પણ જો સજ્જન ક્ષમાધારક એક પણ પહોંચી જાય તો તેને વેરવિખેર કરી શકે છે.



દ્રષ્ટા કોણ ?

જ્ઞાનની આરાધના કરવાની ઇચ્છાવાળાઓએ જ્ઞાનીઓના ચરણોમાં નમી પડવું જોઈએ. જ્યાં સુધી જ્ઞાનીઓનું બહુમાન કરવાનું શીખી લેવામાં આવતું નથી ત્યાં સુધી જ્ઞાનનું બહુમાન થવું પણ અસંભવ છે અને પરિણામમાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય પણ દુઃશક્ય છે. જ્ઞાનના પ્રકાશમાં પોતાને જોવું પણ સરળ નથી. દૃશ્યમાન પદાર્થોને જોવા માત્રથી દ્રષ્ટા કહી શકાય નહીં પરંતુ ખરા સ્વરૂપમાં પદાર્થસ્વરૂપના દ્રષ્ટા થતાં જ ખરા દ્રષ્ટા બનવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. જ્ઞાન સમ્યક્ હોય ત્યારે જ જ્ઞાતા અને દર્શનશુદ્ધિ હોય ત્યારે જ દ્રષ્ટા કહી શકાય.

હઠાગ્રહ બૂરી બલા

હઠાગ્રહ બૂરો છે, આ જ તને પોતાના પંથથી વિચલિત કરી દેશે. આ હઠાગ્રહ જ દુરાગ્રહ અને કદાગ્રહનું રાક્ષસી રૂપ લઈ લે છે ત્યારે તું તારું પોતાપણું ખોઈ દઈશ, તારા વિચારો વિકૃત બની જશે. આથી હઠાગ્રહથી મોં વાળી લઈ સદાગ્રહ, સત્યાગ્રહને જ અપનાવ; ફલતઃ આચાર અને વિચાર બંનેમાં શુદ્ધિ આવશે અને તારો પંથ પ્રશસ્ત બની જશે.



કહેવા પહેલાં વિચારો

હું કોઈને કંઈ પણ કહેવા પહેલાં વિચારી લઉં છું કે, તે મારા કથનનો શો મતલબ કાઢશે. મને એ સમયે ભારે શરમ આવે છે જ્યારે હું કોઈપણ પ્રકારનું આચરણ નથી કરતો અને બીજાઓને સુધરવાને કહું છું. હું કોઈપણ પ્રકારનું નાનું સરખું તપ પણ નથી કરતો અને બીજાઓને તપસ્યા કરવાનો ઉપદેશ આપું છું. જ્યારે હું બીજાઓને વ્રત-પચ્ચક્ખાણ કરાવું છું ત્યારે શરમ જ નહીં પણ મારે તો લજ્જાવનત થઈ મોં છુપાવવું જોઈએ.

દર્શન કેવું હોવું જોઈએ ?

આંખ છે છતાં ચક્ષુહીનની જેમ કેમ ચાલો છો? જો આંખનો ઉપયોગ સત્ય દર્શન માટે કરવામાં આવે તો સાર્થક છે અન્યથા વ્યર્થ છે. અસત્ય દર્શન ઉન્માર્ગે લઈ જાય છે, સત્યદર્શન સન્માર્ગનો પથિક બનાવે છે. દષ્ટિ જેવી સૃષ્ટિ દેખાય તો સમજવું કે, દષ્ટિમાં વિકાર છે. સૃષ્ટિ જેવી દષ્ટિ હોય તો સમજવું અજ્ઞાન છે અને જેવી હોવી જોઈએ તેવી દેખવી એ જ્ઞાની હોવાનું લક્ષણ છે.



શક્તિસંચય

જેનું મન રાજી તે રાજા, જેનો વચન પર કાબૂ તે મંત્રી અને જેનું શરીર વશમાં અને સ્વસ્થ હોય તે સેનાધ્યક્ષ. જો નારાજ થઈ જાય તો તે રાજા નહીં, જો ઉટપટાંગ બોલે તો તે મંત્રી નહીં અને જે પોતાના શરીરને વશમાં ન રાખી શકે તો તે સેનાધ્યક્ષ નથી. વિરાગના પથ પર આગળ વધનાર પુણ્યવાનને મન, વચન અને કાયાને સારી સ્થિતિમાં રાખવી જરૂરી છે. અને ત્યારે જ રાજા, મંત્રી તેમ જ સેનાધ્યક્ષ એ ત્રણેની શક્તિ એકલો મેળવીને નભાવી શકે.

ધર્મનો સ્વભાવ

ધર્મ કદાપિ વ્યક્તિનું પતન કરતો નથી. ધર્મનો સ્વભાવ છે કે, પડતાને બચાવવો. જેણે ધર્મને અપનાવ્યો છે તેને ધર્મ પણ અપનાવે છે. ધર્મથી દૂર જવું એટલે જ દુઃખને આમંત્રણ આપવું. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન એ ત્રણે કાળમાં તે પોતાના સ્વરૂપમાં જ રહે છે; પોતાના સ્વભાવથી કદી વિચલિત નથી થતો. જ્યારે માનવ વિચલિત થાય છે ત્યારે જ તે પોતાની પ્રકૃતિ બદલે છે અને પરિણામે દુઃખના ખાડામાં જઈ પડે છે. ધર્મ પોતાની પ્રકૃતિને કદાપિ નથી બદલતો.



મહત્તાનું શિખર

આ હાડકાનો માળો શું શું નથી કરતો? આમાં જ બધીએ શક્તિઓ સમાયેલી છે. માનવની નસેનસમાં જોશ છે, બળ છે અને પુરુષાર્થની પ્રબળતા છે. જ્યાં સુધી તે તેને કાર્યનું રૂપ નથી દેતો ત્યાં સુધી કંઈ જ નથી થઈ શકતું અને જ્યારે તે તેની સાથે કંઈક કરવા લાગે છે ત્યારે તે મહત્તાના શિખરને ચઢી જાય છે.

ધર્મનું શરણ

જીવનમાં જ્ઞાન પાયાનું કામ કરે છે. દર્શન દિવાલરૂપ હોય છે ને ચારિત્ર ઉપરની છત બને છે. આ પ્રકારે વિવિધ સંયોજના પછી અહિંસા. સંયમ અને તપરૂપ ધર્મનું આચરણ કરનારો આત્મા મહાન બને છે, શ્રેષ્ઠ કહેવાય છે. તેનામાં લોહચુંબક જેવી અપૂર્વ આકર્ષણશક્તિ આવી જાય છે. પરિણામે સ્વર્ગના દેવતાઓ પણ દોડતા દોડતા ચાલ્યા આવે છે. એ પવિત્ર આત્માની સેવા કરવી તે પોતાનું અહોભાગ્ય માને છે. આથી જ આ ધર્મનું આચરણ અને શરણ લેવું એ જીવનની પરમોત્કૃષ્ટ સાધના છે.



સુજ્ઞ કોણ?

આ રીતે વાતવાતમાં મોં શું ચડાવી દો છો? વાત પૂછો. સમજો અગર સમજાવો. પરંતુ તમારી આ કમજોરીને મોં ચડાવી બગાડી ન કરો. મોં ચડાવી લેતાં વયોવૃદ્ધ સુજ્ઞ પણ અજ્ઞાની બનીમા જઈ બેસે છે. ખૂબ ખુશીમાં રહેવું અને બધી વાત કરી, પૂછીને જાણવી જોઈએ. અન્યથા તમારી જિંદગી વ્યર્થ છે. એમ સમજજો.

ધર્મનો સ્વભાવ

ધર્મ કદાપિ વ્યક્તિનું પતન કરતો નથી. ધર્મનો સ્વભાવ છે કે, પડતાને બચાવવો. જેણે ધર્મને અપનાવ્યો છે તેને ધર્મ પણ અપનાવે છે. ધર્મથી દૂર જવું એટલે જ દુઃખને આમંત્રણ આપવું. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન એ ત્રણે કાળમાં તે પોતાના સ્વરૂપમાં જ રહે છે; પોતાના સ્વભાવથી કદી વિચલિત નથી થતો. જ્યારે માનવ વિચલિત થાય છે ત્યારે જ તે પોતાની પ્રકૃતિ બદલે છે અને પરિણામે દુઃખના ખાડામાં જઈ પડે છે. ધર્મ પોતાની પ્રકૃતિને કદાપિ નથી બદલતો.



મહત્તાનું શિખર

આ હાડકાનો માળો શું શું નથી કરતો? આમાં જ બધીયે શક્તિઓ સમાયેલી છે. માનવની નસેનસમાં જોશ છે, બળ છે અને પુરુષાર્થની પ્રબળતા છે. જ્યાં સુધી તે તેને કાર્યનું રૂપ નથી દેતો ત્યાં સુધી કંઈ જ નથી થઈ શકતું અને જ્યારે તે તેની સાથે કંઈક કરવા લાગે છે ત્યારે તે મહત્તાના શિખરને ચડી જાય છે.

ધર્મનું શરણ

જીવનમાં જ્ઞાન પાયાનું કામ કરે છે. દર્શન દિવાલરૂપ હોય છે ને ચારિત્ર ઉપરની છત બને છે. આ પ્રકારે ત્રિવિધ સંપન્નતા પછી અહિંસા. સંયમ અને તપરૂપ ધર્મનું આચરણ કરનારો આત્મા મહાન બને છે, શ્રેષ્ઠ કહેવાય છે. તેનામાં લોહચુંબક જેવી અપૂર્વ આકર્ષણશક્તિ આવી જાય છે. પરિણામે સ્વર્ગના દેવતાઓ પણ દોડતા દોડતા ચાલ્યા આવે છે. એ પવિત્ર આત્માની સેવા કરવી તે પોતાનું અહોભાગ્ય માને છે. આથી જ આ ધર્મનું આચરણ અને શરણ લેવું એ જીવનની પરમોત્કૃષ્ટ સાધના છે.



સુજ્ઞ કોણ ?

આ રીતે વાતવાતમાં મોં શું ચડાવી દો છો ? વાત પૂછો. સમજો અગર સમજાવો. પરંતુ તમારી આ કમલેરીને મોં ચડાવી ગમગીન ન કરો. મોં ચડાવી લેતાં વયોવૃદ્ધ સુજ્ઞ પણ અજ્ઞની પ્રતિમા બની બેસે છે. ખૂબ ખુશીમાં રહેવું અને બધી વાત કરી, પૂછીને જાણવી જોઈએ. અન્યથા, તમારી જિંદગી વ્યર્થ છે. એમ સમજજો.

મૈત્રીભાવથી રહો

જો તમને બધાં પ્રતિ સ્નેહ હોય તો બધાં તમને ચાહશે. જો તમારા પ્રતિ કોઈના દિલમાં રોષ છે તો તેને કહેવા કરતાં પોતાનું જ અન્તર્નિરીક્ષણ કરો. તમે સાફ હો તો તમારી સાથે કોણ દ્વેષ કરી શકે એમ છે? જો તમે યોગ્ય હો તો કોણ તમારો વિરોધ કરી શકે એમ છે? જો કોઈ વિરોધ કરે તો તમે તમારી જાતને સંભાળી લો. જ્યાં સુધી જે કોઈ પણ વિરોધ કરતો રહેશે તેને ત્યાં સુધી ચેન પણ પડશે નહીં. ચેનથી સૂવા અને ચેનથી રહેવા માટે યોગ્યતા અને મૈત્રીવૃત્તિની વૃદ્ધિ કરવી જોઈએ.



ધાબાંની નજીક ન જાઓ

બીજાનાં કાળાં ધાબાં અગર ડાઘની નજીક મન, વચન અગર કાયાને જવા ન દો. કાળાની નજીકનો સ્પર્શ પોતાને શામળા કરશે. જો મનથી સ્પર્શ કરશો તો મન અપવિત્ર થશે, શરીરથી કરશો તો તન વિકૃત થશે અને વચનથી કરશો તો વાણી દૂષિત થશે. આથી જ ગુણની ધવલિમા જે તરફ દેખાય તે તરફ સ્પર્શ કરો અને પછી જુઓ, તમારા ડાઘ સફેદ થતા હશે.

પોતાની શક્તિનું જ્ઞાન રાખો

જેને પોતાની યોગ્યતાનું જ્ઞાન નથી તેનું જીવન નિરર્થક છે, જેને પોતાની શક્તિનું ભાન નથી તેને સમગ્ર જીવન દુઃખમય વ્યતીત કરવું પડે છે. પોતાની યોગ્યતા જે સમજી લે તેને પરમ શાંતિ મળે છે. યોગ્યતાના અભાવમાં કંઈ પણ કહ્યું હોય. કર્યું હોય. લીધું-દીધું હોય તો તે પરિણામે ક્લેશ-વર્ધક બની જશે અને પાછળથી દાતા અને ગ્રાહક એ બંનેને પશ્ચાત્તાપ કરવો પડશે. શક્તિનું જ્ઞાન ન હોય અને શક્તિ સાથે બાથ ભીડાય તો તે અશાંતિને વધારે છે. તેથી અંતરમાં દૃષ્ટિ નાખીને યોગ્યતા નિહાળો પછી જ ડગ ભરો.



દૃષ્ટિ બદલીને જુઓ

તમે તમારાં ચશ્મા બદલીને પછી જુઓ. વિશ્વ અને વિશ્વગત પ્રાણીનો વ્યવહાર તમારે માટે કોઈ ને કોઈ પ્રકારે પ્રેરક બનતો જણાશે. ચશ્માથી રંગબેરંગી તડકભડકમાં તમે પણ ભૂલીને અનુચિત વચનવ્યવહાર અથવા માનસિક ચિંતન કરી લો છો જે દુઃખકારક જ નહીં પણ દુઃખદાયક બની જાય છે.

રાજમાર્ગે ચાલો

રસ્તો સીધી સડકનો લો, જેથી કોઈને પૂછવાની જરૂરત જ ન રહે. અન્યથા ભટકાઈ ગયા તો ખાડામાં ઊતરવું પડશે. ભટકયા પછી લક્ષિત સ્થાને પહોંચવું મુશ્કેલ થશે.



અર્ધદગ્ધને સમજાવવો મુશ્કેલ છે

કાં તો પૂર્ણ વિદ્વાન સારો, જે સત્ય ખાતર લડે, સત્ય સમજતાં પોતાની સરળ વૃત્તિથી તેને અંગીકાર કરી લે. તદનુરૂપ પોતાનું સમગ્ર જીવન પણ બનાવી દે. અથવા મૂર્ખ સારો, જે કંઈ જાણવા નથી પામતો અને તેથી તેને સત્ય વાત સમજાવતાં તે અંગીકાર કરી જીવન સુધારી લે છે પરંતુ તે અર્ધદગ્ધ કાચો પણ નહીં અને પાકો પણ નહીં, એવું અન્ન જે રીતે રોગ પેદા કરે છે તે જ રીતે અર્ધદગ્ધ સમજી શકતો નથી અને પોતાની ડફલી ને પોતાનો રાગ આલાપતો રહે છે, જે શ્રોતા અને વક્તા બંને માટે અનિષ્ટકર બને છે.

ભવભીરુની યોગ્યતા

મીણને તાપ લાગતાં જ તે પીગળી જાય છે. પત્થરને ગમે તેટલો ગરમ કરો પણ અંશ માત્ર દ્રવિત થઈ શકતો નથી. એ રીતે મીણ જેવા હૃદયવાળાને વીતરાગવાણી સ્પર્શતાં જ અસર કરી જાય છે. અને તે વિનીત બની જાય છે. પરંતુ પત્થર જેવા કઠોર હૃદયવાળાને સંભળાવનાર બહુ મોટો ને સુંદર વક્તૃત્વકલાવાન કેમ ન મળી જાય છતાં તેનું હૃદય દ્રવિત થતું નથી. મીણ જેવા હૃદયવાળો ભવભીરુ હોય છે ને પથ્થર જેવા હૃદયવાળો ભવાભિનંદી હોય છે.



કષ્ટમાં કસોટી

કષ્ટમાં જ માનવીની સફળતા અને વિફળતાનો અંદાજ કાઢી શકાય છે. સરળતા અને વક્રતાનું જ્ઞાન થાય છે. કષ્ટ આવે ત્યારે મેદાન છોડીને નાસી જવું ન જોઈએ: પરંતુ તેને શ્રમ. અને ઉત્સાહથી દૂર કરવું જોઈએ. માનવ એક છે ત્યારે તેની પાછળ કષ્ટો અનેક છે. છતાં પ્રત્યેક કષ્ટ દૂર કરતા જવું અને કષ્ટ વિનાનું જીવન વીતાવવું જોઈએ.

ખીંચતાણુ ન કરો

વાત અધિક શા માટે ખીંચો છો ? અધિક ખીંચવાથી તૂટી જશે અને તૂટ્યા પછી તો સાંધતાં યે ગાંઠ રહી જશે, તે હરવાર ખટકતી રહેશે એ કારણે તો માનો. જ્યારે જ્યારે વાતની ખીંચતાણ થઈ છે ત્યારે ત્યારે સામે ભયંકર પરિણામ આવ્યું છે, જે અકથ્ય છે. સમયજ્ઞ અને સમજદાર થોડા શબ્દોમાં પતાવે છે. બેસમજ જિંદગી ભર પણ પતાવી શકતો નથી. ઉચિત ખીંચવું લાભદાયી છે, અનુચિત ખીંચવું ક્લેશકારી છે.



તાપથી તેજ

ચંદનને જેટલું અધિક ઘસવામાં આવે તેટલી જ તેની સુગંધ વધુ ને વધુ ફેલાય છે. શેરડીને જેટલી મર્દન કરવામાં આવે તેટલી તે વધુ રસ આપે છે અને સુવર્ણને જેટલું વધુ તપાવવામાં આવે તેટલું અધિક તેજવંત થાય છે; એ જ રીતે સત્પુરુષોને જેટલાં અધિક કષ્ટ આવે તેટલા જ તેઓ અધિક શક્તિશાળી અને પ્રતિભાવાન થાય છે.

સ્થાયી શું છે?

મારે નામ નહીં, કામ જોઈએ. નામનો તો નાશ થઈ જશે ને કામ સ્થાયી રહી શકશે. નામથી જે પ્રેરણા મળે છે તેનાથી કેટલાયે ગણી અધિક પ્રેરણા કામથી મળી શકે છે. નામનો મોહ પતન કરે છે ને કામનો પ્રેમ પ્રગતિશીલ બનાવે છે. હું બધા કાર્યકર્તાઓથી પ્રેરાતો રહું અને તે મારો પંથ પ્રશસ્ત કરતા રહે એવી નિર્મળ ભાવના જીવનનું માધુર્ય છે.



શું જોઈએ ?

માનવ ! તને સોનું પ્રિય છે કે સૂવું ? જો સોનું પ્રિય હોય તો સૂવાનું નહીં મળી શકે. અને શયન પ્રિય હોય તો સોનું મળવું મુશ્કેલ બની જશે. એટલા માટે સોનાનો પ્રેમ પણ બૂરો છે, હાનિકારક પણ છે. જેણે શયનનો જેટલી માત્રામાં ત્યાગ કર્યો તેટલી માત્રામાં ધન પ્રાપ્ત કર્યું છે. જેણે શયનમાં આનંદ શોધ્યો છે તેને તેટલું જ ખોઈ દીધું છે. આથી તમે તમારી જાતને પૂછો કે, તમારે ખોવું છે કે પામવું ?

પળની કીમત

એક એક દિન નહીં પણ એકેક ક્ષણનું કાર્ય આપણા જીવનનું ઘડતર કરનારું હોય છે. એવી અસંખ્ય ક્ષણોથી આપણા ચારિત્ર્યનું નિર્માણ થાય છે. એટલું જ નહીં, ઇતિહાસ લખાય છે, સાહિત્યનું સર્જન થાય છે અને અનોખી એવી કળાનું પ્રદર્શન પણ થઈ જાય છે, જેનાથી અનેકજન પ્રેરણા પામે છે. આ આપણા જીવનની રોજનિશી આપણ સહુને પ્રતિક્ષણ જાગૃત અને નિર્ભીક બનાવવાનો અભૂતપૂર્વ લાભ આપે છે. આથી જ પ્રતિક્ષણ મન, વચન અને કાયાને ઉન્નત રાખો અને પરમપદ પ્રાપ્ત કરવા તરફ આગળ વધો.



શેતાન કોણ?

માનવી ! તું બધાં પ્રાણીઓથી મોટો છે. પરંતુ મોટો જ નાનાને, જે એનો આશરો છે, તેને મારવા લાગે અગર ખાવા લાગે તો તેને મોટો અગર ઇન્સાન ન કહી શકાય. તેને તો હેવાન અગર શેતાન જ કહી શકાય. તેને માનવ શબ્દથી સંબોધિત કરવો એ તો માનવતાનું ઘોર અપમાન છે.

હઠથી બચો

રાજહઠ બૂરી છે. કારણ કે રાજા રીઝે તો રાજ દે અને ખીજે તો બરબાદી કરે. રજહઠ પણ બૂરી છે જેને વારંવાર સાફ કરો તોય તે ચોંટે છે. યોગીહઠમાં અહંભાવ રહે છે. એટલે યોગહઠ પણ એવી જ છે. જે સમયે જે થવાનું હોય છે તેને કોઈ ટાળી શકતું નથી. બાલહઠ પણ સારી નથી. માથાના વાળ પણ એવા જ છે. સાફ કરો તોય ફરીથી તૈયાર. સ્ત્રીહઠને તો કોઈ પહોંચી શકતું નથી. એ જ પ્રકારે તૃષ્ણાહઠ પણ અસાધ્ય થઈ જાય છે. આ હઠોથી બચવાનો પ્રયાસ કરવો જોઈએ.



લેખ ઉત્તમ

સમયજ્ઞ અને સમજદાર લેખ ઉત્તમ છે. એ લેખ પણ લોકોને સમજદાર બનાવી શકે છે. નવનિર્માણ કરી શકે છે. નવચૈતન્યનો શંખનાદ કરીને કુંભકર્ણી નિદ્રામાં આરામ કરનારાઓને જગાડી શકે છે. પુસ્તકો લખી લેવાથી કોઈ સમજદાર નથી થઈ શકતો પરંતુ તે અનુસાર જીવન બનાવો તો જ એ લેખિનીમાં સ્થાન મેળવી શકે છે.

યાદ શું રહે છે?

તમે કહો છો કે, અમને યાદ નથી રહેતું, હું કહું છું કે એ તમારું કહેવું મિથ્યા છે. શું તમને કોઈ અનુચિત કહી દે તો તમે મહિનાઓ સુધી તેને યાદ નથી રાખતા? પછી કયી રીતે તમારી વિસ્મૃતિ વધી ગઈ એમ કહો છો? એમ કહો કે અમે રાગના રાગી છીએ, અમે વિખવાદના પ્રેમી છીએ. આથી એવું યાદ અધિક રહે છે. પરંતુ યાદ રાખો કે આ દુઃખદ થઈ રહ્યું છે, એને ભૂલી જાઓ અને વિરાગને યાદ રાખો.



પદથી પર રહો

પદ લેવાથી શું? પદવી વિના જ કામ કરોને! વાસ્તવમાં પદવી ન લીધી હોય ત્યારે જે કામ થઈ શકે છે તે પદ લીધા પછી નથી થઈ શકતું. પદ લેવાથી જવાબદારી વધે છે. ને પદ લીધા વિના કાર્ય દેખાઈ આવે છે. પદથી જરૂર સત્તા મળે છે. પણ પદથી દૂર રહીને જ પદ વધારવું જોઈએ. પદપ્રાપ્તિની પાછળ જ શક્તિનો વ્યય ન કરવો જોઈએ.

મધુર, મિત ને હિતકર બોલો

તીર–બાણ જેવા શબ્દો ફેંકવા ઠીક નથી. આ શબ્દો નીકળતાં જ સીધો આઘાત કરે છે. જો બોલવાનું યાદ હોય તો બોલો. પરંતુ તે મધુર, મિત અને હિતકર હોવું જોઈએ. જ્ઞાની મૌન રહીને પોતાનું કામ માત્ર ઇંગિતાકારથી કાઢી લે છે. અજ્ઞાની જોર જોરથી બૂમબરાડા પાડે છે છતાંયે તે જે કરવાને ચાહે છે તે કામ સફલ થતું નથી.



ત્યાં પોલ નથી ચાલતી

બધાં કામોમાં પોલ ચાલી શકે છે. તેને છુપાવવામાં આવે તો તે છુપાવી શકાય છે. પરંતુ તપ અને ત્યાગમાં જરાયે તેને અવકાશ મળી શકતો નથી. પગે ચાલવું, અન્ન આહાર વિના રહેવું અને બાહ્ય તેમજ અભ્યંતર તપમાં સ્થિર બનવું એ વસ્તુત: અસાધારણ છે. જે આ પથે નિર્મલ ભાવે ચાલે છે તેના ચરણોમાં મસ્તક સહેજે નમી પડે છે. ત્યાગના બલ પર કાયાને, તપના બલ પર મનને અને પાદ વિહારથી સ્વાસ્થ્ય ઉપર અંકુશ મેળવી શકાય છે.

ગર્વથી દૂર રહો

હું મોટો છું, હું ભણેલો છું, હું બધું કરી શકું છું. એ હું ત્યાં સુધી જ માની શકું જ્યાં સુધી મને મારાથી વધુ મોટો મળ્યો ન હોય. વિશિષ્ટ વિદ્વાનનો સંપર્ક ન થાય અને મારાથી વધુ મહત્ત્વપૂર્ણ કાર્ય કરનારા મળ્યા ન હોય. જ્યારે તેમની સાથે સંપર્ક થાય છે ત્યારે મને પોતાની જાતને મિયાં મિઠ્ઠુ બનવાની પ્રવૃત્તિ ઉપર ખૂબ દુઃખ થાય છે. અને દર્દ પણ થાય છે. સારું થાય જો હું એવી પ્રવૃત્તિથી પર રહું.



પ્રમાદથી બચો

આહાર અને નિદ્રા એ બન્ને વધારવાં કે ઘટાડવાં એ વ્યક્તિના પોતાના હાથમાં છે. જો તે ઇચ્છે તો ઘટાડી શકે છે ને વધારીયે શકે છે. એનો પરસ્પર સંબંધ છે. આહાર શરીરમાં આળસ વધારે છે, પરિણામે નિદ્રા આવે છે. અહીંથી પ્રમાદના શ્રીગણેશ મંડાય છે. પ્રમાદથી બચવા માટે ઉપર્યુક્ત બંનેને વિચારપૂર્વક ઓછાં કરવાની આદત પાડો.

જે દે તે લઈ શકે

જો તમારે કંઈ જોઈએ તો પહેલાં આપતાં શીખો. જે દઈ શકે છે તેજ લઈ શકે છે. અને માત્ર ઈચ્છા રાખનારો કંઈ પામી શકતો નથી. એક હાથે જે દેતાં શીખે છે તે બીજા હાથથી લેવાનું પણ શીખી શકે છે. પાણીનું દાન કરનારો કૂવો કદીયે ખાલી થતો નથી અને સંઘરેલું પાણી હોય તો તે સડી જાય છે તે જ રીતે દીધેલું તો આવી જાય છે અને રાખેલું પલાયન થઈ જાય છે. દેવું જોઈએ એ જ્ઞાન માનવજાતિને આદ્ય તીર્થંકર આદિનાથે સ્વયં દઈને કરાવ્યું.

ગુણગ્રાહક બનો

આપણે જાણીએ છીએ મગર હું જાણું છું એવું અભિમાન ન કરો. વિદ્યાપ્રાપ્તિ બીજાના અવગુણ જોવાને નહીં પરંતુ પોતાની ક્ષતિઓ જોવા માટે કરો. બીજામાં ક્ષતિ જોવાનું કામ કરશો તો પોતે મેળવેલું જ્ઞાનધન વિફલ થઈ જશે.. અન્યથા: આપણને અંધારામાં ભટકાવી દેશે. આથી આવી દુર્નિંદાથી નિવૃત્તિ લઈને ગુણગ્રાહક બનો.

પ્રેયોમાર્ગ ને શ્રેયોમાર્ગ

પ્રેરકથી પ્રેયોમાર્ગનું જ્ઞાન મેળવી પોતે શ્રેયો-માર્ગે આરોહણ કરવું જોઇએ. જ્યારે પ્રેય અને શ્રેય માર્ગનો અનુભવ થઈ જશે ત્યારે આત્મા સ્વયં પ્રગતિ તરફ અગ્રેસર થઈ શકશે. હેય. જ્ઞેય અને ઉપાદેયને સમજવા માટે જ પ્રેય અને શ્રેય બંને આદરણીય છે. પ્રેયને સમજ્યા પછી શ્રેય સમજવું સહેલું થઈ પડશે.



અહં નહિ તો સંસાર નહિ

જ્યાં સુધી અંતરાત્માથી એ પ્રતીત ન થઈ જાય કે તારો પથ પ્રશસ્ત છે ત્યાં સુધી અહંભાવનો પરિત્યાગ કરી પ્રશસ્ત પથને મેળવવાની પ્રવૃત્તિ કર ! એ મળી ગયા પછી અહંભાવ કે મમત્વનું નામ-નિશાન નહિ રહે. જો એ ન રહ્યું તો સંસાર ભ્રમણ અત્યલ્પ અને નામશેષ રહી જશે. જ્યાંસુધી અંતરમાં અહં રહે છે ત્યાં સુધી સમજી રાખજે આપણે ભટકેલા છીએ, ભૂલેલા છીએ. ભૂલેલાને સમુચિતપંથ પર લગાવનાર છે પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ ! એમના શરણમાં રહીને અંતરાત્માને વિશુદ્ધ કર !

ખુદા ક્યારે ?

આદમી ખુદ ખુદા (ભગવાન) નથ
તેનાથી જુદો પણ નથી. એ વાત
પણ છે. જો આદમી જાગૃત થઈ જાય
જાતનું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો નિઃસં
રૂપને પામી શકે છે. અગર તે પુ
કોઈ સંશય નથી કે તે ઇન્સાન ન
કર્તવ્યને જ્ઞાન કરી કફન બાંધી
તેની સફળતામાં કોઈ દખલ દઈ
નિશ્ચયથી વિજય વરમાળ પહેરીને



આજ્ઞાનું

આજ્ઞાનુસાર કરતા નથી, નિય
નથી. યોગ્યતાનુસાર રહેતા નથી
ભાવ અનુસાર બોલતા નથી, પ
કરો છો કે અમે પ્રતિકૂળતામાંથી
ઈએ. બરાબર રહો, આજ્ઞાનું મહત્
પાલન કરવાની હામના રાખો અને
વ્યવહાર રાખો પછી જુઓ. [illegible]

સ્વસ્થ અને સ્વચ્છ

જેના ઘરમાં કચરો એના જીવનમાં કચરો, જેઓના જીવનમાં કચરો એમના સમાજમાં કચરો, જે સમાજમાં કચરો એનું અધઃપતન ! ઘરમાં પ્રકાશ તો જીવનમાં પ્રકાશ ! જીવનમાં પ્રકાશ તો કલ્યાણ-માર્ગની પ્રાપ્તિ. ઘરને સ્વચ્છ રાખીને જીવનને સ્વચ્છ અને સ્વસ્થ બનાવતાં શીખવું એ જ આત્મગુણોની પ્રાપ્તિ અને પ્રગતિનું પ્રતીક છે.



શ્રેયસ્કરી મર્યાદા

માનવી જેમ જેમ પોતાની જરૂરિયાતોને વિસ્તૃત કરતો જાય છે તેમ તેમ તેની સામે એક પછી એક કઠનાઈઓ પણ મોં ફાડીને ઊભી થતી જાય છે. તેની લાલસા તેને સ્વાહા કરવાને તત્પર બને છે. તેની અમર્યાદ જરૂરિયાતો તેને દિલગીર બનાવવાને ઊભી રહે છે. જેટલી અમર્યાદ તેટલી જ આપત્તિ ને જેટલી મર્યાદા તેટલી જ સંપત્તિ. સંસારમાં મર્યાદામાં રહેનારા પોતાનું શ્રેય સાધી લે છે; પ્રેયોમાર્ગના પથિક બની જાય છે. મર્યાદાથી જે નિર્માણ થાય છે તે સ્થાયી અને દૃઢ હોય છે.

સિદ્ધિ મળે ક્યારે ?

જ્યાં ફૂટ ત્યાં ટૂટ, જ્યાં સંપ ત્યાં જંપ. જ્યાં મિલન ત્યાં આનંદ, જ્યાં ભેદ ત્યાં ખેદ ! જ્યાં એક રાગ ત્યાં વિજય, જ્યાં 'અપની ડફલી અપની રાગ' ત્યાં હંમેશાં હાર, પરાજય ! એકની અવાજ તૂતી જેવી. એક જેવી દરેકની અવાજ પ્રભાવકારી !

જ્યારે મન. વચન અને કાયાની એકતા થાય ત્યારે જ સિદ્ધિ નજીક આવતી હોય છે અને જો એમાં ભિન્નતા થઈ જાય તો સિદ્ધિ સ્થગિત થઈ જાય છે. દ્રવ્ય અને ભાવ બન્ને રીતે ઐક્ય જેનું હોય એની જીત થાય છે હંમેશાં જગતના રંગમંચ ઉપર !



અનિયમિતતા જ બિમારી છે.

નિયમમાં બધી શક્તિ છે, અનિયમમાં શક્તિનો વ્યય થાય છે. વર્તમાનમાં બધી બિમારીઓનું કારણ પ્રાયઃ અનિયમિતતા જ જણાય છે. કોઈ પણ રુગ્ણાવસ્થા પ્રિય નથી તો અનિયમિતતા જ રુગ્ણાવસ્થાની જનની છે તે કેવી રીતે પ્રિય બની શકે ? એ હજુ સુધી સમજમાં નથી આવતું.

અમૂર્ત કહી બતાવી શકાય છે?

શું કોઈ આત્માને પ્રત્યક્ષ બતાવી શકે છે, જે અમૂર્ત છે? બતાવી તે શકાય જેની આકૃતિ હોય યા મૂર્ત રૂપ હોય. કોઈ વ્યક્તિ એમ કહે કે, તમે બી. એ. થયા છો પણ પ્રત્યક્ષ બતાવો. તમે અંગ્રેજી શું ને ક્યાં ભણ્યા છો તે બહાર કાઢીને બતાવો તો કોઈ મૂર્તરૂપે બતાવી શકે ખરો? જો ન બતાવી શકે તો આત્માને પણ એ જ રીતે સમજી લેવું જોઈએ.



માનવધર્મ

માનવધર્મથી ચ્યૂત થયા હોય તેણે સંસારમાં જીવવું નકામું છે, પછી તે ગમે તે સંપ્રદાયનો કેમ ન હોય? ધર્મની આજ્ઞા એ જ છે કે, માનવતાની રક્ષા કરવી. જો માનવને માનવ પ્રતિ પ્રેમ ન હોય તો તે માનવને ધિક્કાર છે. જે ધર્મમાં માનવ પ્રતિ આદર બતાવવાનું જણાવાયું નથી તે ધર્મ મુડદાલ છે, એ માત્ર ધર્મનું કલેવર છે. જે દિલમાં માનવતાને સ્થાન નથી તે દિલ પત્થર છે. તે દિલને દયાપાત્ર સમજવું જોઈએ.

અડખીલીઓથી હતાશ ન થાઓ

ધર્મનું ફળ તત્કાલ મળી શકતું નથી. ધીરે ધીરે જ મળે છે. આંબાને વાવતાં જ તે તત્કાલ ફળતો નથી. ત્યારે આ ધર્મની આરાધના જે અદ્વિતીય અને અચિન્ત્ય ફલપ્રદ છે તે શીઘ્ર કયી રીતે ફળી શકે? આદમી હોંશમાં અને જોશમાં તે કરવા બેસી જાય છે પણ ક્રિયા અપૂર્ણ રહી જાય છે. ત્યારે તે હતાશ થઈ બેહોશ બની જાય છે. હારવું ન જોઈએ. પરંતુ વચમાં આવતી બાધાઓને દૂર કરી ફરીથી પોતાની પ્રવૃત્તિમાં લાગી જવું જોઈએ.



કેવા ધનની પૂજા કરીએ?

આજે બધાયે ધનની પૂજા કરે છે. એની પાછળ એવી લાલસા રહે છે કે, અમને ધન મળતા જાય ને હોય તેની વૃદ્ધિ થાય. ખરી રીતે જોઈએ તો સાચા ધનની પૂજા કરવી જોઈએ. તેની વૃદ્ધિ કરવાના પ્રયાસની પ્રતિજ્ઞા કરવી જોઈએ. જેથી માનવમાં માનવીય ગુણોનો વિકાસ થઈ શકે. ઉજ્જ્વલતમ હૃદય ભાવ અને સર્વત્ર સ્નેહલ વૃત્તિમાં વધારો થતો રહે.

પ્રમાદનું દુષ્પરિણામ

પ્રમાદ શેતાનનું ઘર છે. પ્રમાદથી માનવીને ઉન્માદ સૂઝે છે. પ્રમાદથી આદમી પાગલ બને છે. પ્રમાદ ઝેર છે. જેણે તે પીધું તેનો સર્વનાશ થાય છે. પ્રમાદ ખડ્ગ જેવું છે, જેને લાગે છે તેને મહા-પ્રયાણ કરાવી દે છે. પ્રમાદ વ્યંતર અને પ્રેત જેવું છે, જેના દિલમાં કે મગજમાં ઘૂસે તેની શુધ બુધ ખતમ કરી દે છે. પ્રમાદ વિવેકહીનતાનો પરિચાયક છે, જેના કારણે વ્યક્તિના વિકાસ પર તાળું લાગી જાય છે. પ્રમાદ બ્રેક વિનાની ગાડી જેવો છે.



સુધારો યા પરિત્યાગ

જે આપણું મોં તાડી લે, અનુશાસનહીન-તાનો વર્તાવ કરે તે આપણો કેવી રીતે થઈ શકે ? એવાને આપણો માનવો અને તેને પ્રોત્સાહિત કરવો એ સાપને દૂધ પિવડાવવા બરાબર છે. એવાને કાં તો સુધારી દેવાય અન્યથા તેનો સર્વથા પરિત્યાગ કરી દેવાય. જો એમ થઈ ન શકે તો પોતાના નામને તે કલંકિત કરી દેશે અને એ જ દુઃખનું કારણ બનશે.

કોની કેવી ઓળખ?

જે શાસ્ત્રો જાણી જાય છે તે પંડિત નથી. [illegible] કરવાથી જ એક વાર ખાય છે તે તપસ્વી નથી. જે પોતાની કલા પૈસાથી વેચી દે છે તે કલાકાર નથી. મૂંગા-મૌન રહે છે એટલા માત્રથી તે મૂર્ખ નથી. સમજવાથી જે સમજી લે તે પોતાનો ઉદ્ધાર કરી દે તે પંડિત કહેવાય છે. જ્ઞાનીઓના વચન પર વિશ્વાસ કરીને જ એક ટંક ભોજન કરે છે તેને તપસ્વી કહેવાય છે આત્મશુદ્ધિ માટે જ પ્રદર્શન કરે છે તે જ સાચો કલાકાર છે અને [illegible] પર જે [illegible] છે તે સાચો [illegible] છે



પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરો.

[illegible] પરંતુ તેની ખુશી [illegible] [illegible]

આદત ન પાડો

સાંભળો તો ખરા. આદતને શા માટે પાડો છો? ચાલતાને છેડતા નહીં. એને સતાવી તો એ તમને પછાડશે એ નિશ્ચિત સમજજો. તે તમને પોતાની બાથમાં ભીડી દેશે. આથી આદતને શરૂઆતથી જ છેડતા નહી. જે આદતને પાડે છે તેને આદત પછાડે છે. આદત જ વ્યસનનું સ્વરૂપ ધારણ કરી લે છે.



ત્યાગ ને ગ્રહણમાં વિવેક

સંસારમાં આદાન, આદેય, અને પ્રદાન, પ્રદેયનો ક્રમ અનાદિકાળથી ચાલ્યો આવે છે. દેવા-યોગ્ય દેવામાં આવે અને લેવા યોગ્ય લેવાય. અર્થાત્ સર્વસાધારણ રીત તેનો અર્થ એ થયો કે, ત્યાગ કરવો અને ગ્રહણ કરવું એટલે છોડવું અને પકડવું એ જે અયોગ્ય, અનુચિત અને અનાચરણીય છે તેનો ત્યાગ કરવો જ જોઈએ. વળી જે યોગ્ય ઉચિત અને આચરણીય છે તે ગ્રહણ કરવું જોઈએ. આમાં શું છોડવું ને શું પકડવું એ માટે ગુરુજનોનો સંપર્ક વધારીને તેમના સંસર્ગમાંથી પ્રેરણા મેળવવી જોઈએ.

ભલો માનવી કોણ ?

જાળ બિછાવવી સરળ છે પણ તેને સમેટવાનું કામ મુશ્કેલ છે. જાળ બિછાવનાર સ્વયં જાળમાં ફસાઈ જાય છે. આથી તેનાથી દૂર રહેવું લાભકારક છે. છતાં કોઈ મૂર્ખ બનાવે તો તેમાં આનંદ માની રહેવું જરૂરી છે. અન્યથા આપણી સ્થિતિનો [illegible] લોકો ખોટો અર્થ કરશે અને તેનો અનુચિત લાભ ઉઠાવશે. માટે સ્વાર્થજન્ય લાભનો ત્યાગ કરીને પરમાર્થમાં પ્રવૃત્તિ કરે તેને ભલો માનવી કહી શકાય.

નિષ્કામ પ્રેમ

પ્રેમ આપણી આત્મને આકર્ષિત કરે છે. ભલે તે ગમે તે વ્યક્તિનો કેમ ન હોય ! નિષ્કામ પ્રેમ [illegible] વિકલ્પ આપાવે છે. આત્માનો પ્રેમ નિષ્કામ હોય છે. જ્યાં સુધી તેનું વિકૃતિમાં પરિ[illegible] નથી થતું ત્યાં સુધી તે [illegible] રહે છે. વિકૃત [illegible] પણ તેની [illegible] આશ છે. [illegible] છતાં તેના [illegible] પ્રેમની [illegible] છે. [illegible]

શ્રેયોમાર્ગ ને પ્રેયોમાર્ગ

મનથી મનન અને ચિત્તથી ચિંતન કરતાં જ્યારે સ્પષ્ટ અને સુંદર રીતે એ જ્ઞાત થઈ જાય કે શ્રેયોમાર્ગ અને પ્રેયોમાર્ગ કયો છે? તેનું પરિશીલન જ્ઞાન થઈ જાય છે કે, કયા પ્રકારે પ્રવૃત્તિ કરવી જોઈએ? મનનું ધન છે શ્રેયસ્કર પથનું પરિજ્ઞાન, ચિત્તનું ધન છે શ્રેયોમાર્ગનું પરિશીલન અને શરીરનું ધન છે શ્રેયોમાર્ગનું અનુશીલન. મનની શુભ પ્રવૃત્તિ એ શ્રેયસ્કર પથ, ચિત્તની પ્રશસ્ત પ્રવૃત્તિ એ પ્રેયોમાર્ગનું પરિશીલન અને શરીરની શ્રેષ્ઠતમ પ્રવૃત્તિ છે અનુશીલન. જેનું મન મર્કટવૃત્તિનો પરિત્યાગ કરી મનનની તરફ પ્રવૃત્ત છે, જેનું ચિત્ત ચંચલ સ્થિતિમાંથી વળીને ચિંતન તરફ લાગેલું છે અને જેનું શરીર તેના પરિપાકરૂપે લોકસમ્મત પ્રવૃત્તિમાં પ્રવૃત્ત છે તે જ માનવી સંસારમાં ઉત્તમ છે.



સમજદાર કોણ?

સ્થાવર જીવ વનસ્પતિકાય પણ જો તપ્ત જીવોને ઠંડી છાયા પ્રદાન કરી તેને સાંત્વના દઈ શકે છે તો ચાલતાફરતા સમજદાર મનુષ્ય કોઈને પણ આશ્રય ન દઈ શકે એ કેટલું વિચારણીય છે?

જીવન મંત્ર

ગુણના સદાને દૂર કરો

[illegible]

[illegible] સાથે [illegible]

[illegible]

મૂઠી અને ફેલાયેલા હાથ

માણસ આવે છે મૂઠી બંધ કરીને. જો કોઈ એને ખોલે તો તે ફરીથી તેને બંધ કરી દે છે. જાણે કોઈ બહુ મોટી છુપાવવાની ચીજ લઈને આવ્યો હોય! એ સાચું છે કે તે પોતાની મૂઠીઓમાં પુણ્ય અને પાપ છુપાવીને લાવ્યો છે. પરંતુ જે લાવ્યો છે તેનો ઉપયોગ અહીં કરી લે અને આગળની તૈયારીઓ કરવાનું ભૂલી જાય તો પછી ખાલી હાથો લાંબા કરીને જવું પડે છે: જાણે કોઈની પાસે કંઈક યાચના કરતા જઈ રહ્યા હોય.



બનાવવું ને બગાડવું

બનાવવું જેટલું મુશ્કેલ છે તેટલું જ બગાડવું સરળ છે. જીવન બનાવવા માટે છે, બગાડવા માટે નથી. નિર્માણ માટે છે, જમીનદોસ્ત કરવા માટે નથી. દુઃખ છે કે, આજનો માણસ બનાવવું ભૂલી ગયો છે ને બગાડવાનું શીખી ગયો છે. આથી જ આપત્તિઓનો શિકાર પણ બની ગયો છે. બનાવવા માટે પ્રયાસ જોઈએ. બગાડવા માટે એક સમય જ જોઈએ. આથી પગ પગ પર સાવધાન રહીને તેનું ધ્યાન રાખવું જોઈએ.

ઉદારતાને સમજો

હું ઉદારતાનું સમર્થન કરું છું. પરંતુ તેનો અર્થ એ નથી કે કોઈ ઉડાઉ બની જાય. હું ત્યાગીઓનો સમર્થક છું. પરંતુ [illegible] નિર્ધન [illegible] અને જીવનનો [illegible] પોતાનો સ્વાર્થ [illegible] પ્રતિ મને [illegible] નારાજી છે. [illegible] થાય એ [illegible] પરંતુ [illegible] કોઈ [illegible] કરવી [illegible] નથી [illegible] બનાવાની [illegible] આપું છું [illegible] કોઈ એ [illegible] એનાથી [illegible] પરંતુ તેનાથી કોઈ એ [illegible] નથી [illegible] એ સમજવું [illegible]

બાળ ને ફૂલ

[illegible]

સ્વકલ્યાણ

દર્શન વિના મુક્તિ નથી, જ્ઞાન વિના યુક્તિ નથી અને ચારિત્ર વિના શક્તિ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ત્રિવેણી સંગમ વિના આત્મસિદ્ધિ નથી. જેનામાં એ ત્રણેનો સંગમ થયો એ આત્મા ખરેખર સ્વયંનું કલ્યાણ સર્વ રીતે કરી શકે છે.



સ્વર્ગ ને સાંકળ

પોતાનું કામ પોતે જ કરવાનું છે. તારું કામ બીજા પાસે કરાવવામાં તને શરમ આવવી જોઈએ. પ્રેમ અગર ભયના કારણે તેઓ કામ કરી દેશે પરંતુ એથી ક્રમશઃ પતન જ થતું જશે અને તારા હરેક પ્રદેશમાં શિથિલતા વધી જશે, પુદ્ગલ પરાયું છે, બીજું છે. તેના આરામને માટે તું એવો પરાવલંબી બની જાય કે જે કંઈ કરવામાં આવે તેમાં પ્રમાદ પોતાનું સ્થાન જમાવી લે, તો પછી જિંદગીનો આનંદ પણ શું રહે? નાનામાં નાનું સાધારણ કામ પણ તું પોતે કરવા લાગીશ ત્યારે જ તારા માટે અહીં સ્વર્ગીય સુખ રચાશે. પરાવલંબી થઈ જઈશ તો તું પોતે જ કષાયોની ચોકડીના ચક્કરમાં ફસાઈ જઈશ અને મુશ્કેલીઓની કઠોર સાંકળમાં બંધાઈ જઈશ.

રાગ ને વિરાગ

રાગના આનંદ ક્ષણિક છે, દુઃખકારક છે; વિરાગના આનંદ સ્થાયી અને સુખકારક છે. રાગમાં બધા ખીંચતા રહે છે, વિરાગમાં બધા ખીંચાતા રહે છે. રાગના રંગ ફિક્કા અને બેડોળ હોય છે. રાગના રાગી બંધનમાં આવે છે, વિરાગના રાગી મુક્તિ તરફ વધ્યા કરે છે. રાગના રાગી સ્વાર્થ માત્ર સાધે છે જે અશાંતિકર છે: વિરાગના પ્રેમી પરમાર્થ અને સ્વાર્થ બન્ને સાધે છે જે પરમ શાંતિકર છે.



આચાર ને અનાચાર

કોઈની સાથે નિરર્થક ઝગડો કરવો એ ઉત્કૃષ્ટ અનાચાર છે. આચારની મર્યાદા છે પ્રેમ, સ્નેહ અને સહકારી ભાવનાને જીવિત રાખવી. તેથી વિપરીત અનાચાર છે. આચારમાં શૈથિલ્ય અતિચાર છે અને આચાર મર્યાદાનું ઉલ્લંઘન અનાચાર છે. અતિચાર દૂષણ છે, જે પ્રાયશ્ચિત્તના સાબુથી સાફ કરી શકાય છે પરંતુ અનાચારનું પ્રતિફળ ભોગવવું પડે છે. વિચારપૂર્વક જે કરાય તે આચાર—આચરણ અવિચારથી કરવામાં આવે તે અનાચાર-અનાર્યાચરણ.

દૃષ્ટિ કેવી જોઈએ ?

જે સર્વનો થાય એ જ સ્વનો થઈ શકે અને જે સ્વનું કરે એ જ સર્વનું પણ કરી શકે. સ્વને જાણ્યા વિના, તત્વને માન્યા વિના અને પરને પરખ્યા વિના કોઈ જીવ કોઈ કાળે શ્રેય સાધી શક્યો નથી, સાધી શકતો નથી અને સાધી શકશે નહિ.

સ્વને જાણવા સરળ દૃષ્ટિ જોઈએ, તત્ત્વને માનવા અનેકાન્ત દૃષ્ટિ જોઈએ અને પરને પરખવા માટે અવિસંવાદી દૃષ્ટિ હોવી જોઈએ.



સ્વાર્થી ને પરાર્થી

મિત્રતા મધુર જવાબદારી છે, જેને નભાવવી પ્રત્યેકનું કર્તવ્ય છે. સ્વાર્થપરાયણ મિત્ર સ્વ–પર બંનેને લઈને ડૂબે છે. પરાર્થપરાયણ વ્યક્તિ પોતાનું ભલું કરતાં બીજાને હાનિ ન પહોંચે તેનો ખ્યાલ રાખે છે. અને નિઃસ્વાર્થી પરાર્થપરાયણ મિત્ર પોતાનું ખોઈને પણ પારકાનું હિત ઇચ્છે છે. જેના હૃદયમાં હિત વસ્યું છે તે જગતમાં જીવ માત્રનો દેવ બની જાય છે. જે સ્વાર્થી રહે છે તે દાનવ અને જે પરાર્થી બને છે તે માનવ બને છે.

જીવન મંત્ર

શિષ્ટ ને અશિષ્ટ કાર્યનું ફળ

કાર્યને સુધારવું અને બગાડવું એ વ્યક્તિના પોતાના ઉપર નિર્ભર છે. તેની પાસે છરો યે છે ને તેની પાસે અમૃત પણ છે. તે મરવા ઇચ્છે તો છરો છે ને અમર થવા ઇચ્છે તો અમૃત છે. તેનો સુંદર કાર્યકલાપ અમૃત બનશે અને અશિષ્ટ કાર્યકલાપ છરો બનશે. આથી જ શિષ્ટાચરણ, શિષ્ટ વચન અને શિષ્ટ ચિંતન-મનન રાખવું જોઇએ.



શ્રમણ તપોધન

હે સાધો! તારું જીવન બધાને માટે આકર્ષણનો વિષય છે. આથી જ તું ત્યાગમય જીવન વ્યતીત કરતાં પરમ આદર્શ રજૂ કરે છે. તારામાં ભૂખ સહન કરવાની શક્તિ છે. તારામાં તૃષા સહન કરવાનીયે શક્તિ છે. તું પ્રત્યેક પ્રતિકૂળ સમયને અનુકૂળ બનાવી શકે છે. તું તપોધન છે. તારે તારા તપધર્મ દ્વારા તપોધનની સ્થિતિને સ્થિર કરવાની છે. તને શ્રમણના શુભ સંબોધનથી બોલાવવામાં આવે છે. તું એના દરેક દાણે વિચાર કર. જેથી તારો પ્રયાસ સફલ થઈ શકે.

શ્રમણ, તું કોણ છે?

હે સાધો? તું ક્ષમાની મૂર્તિ છે, દયાનો સમુદ્ર છે ને શાંતિનો ભંડાર છે. તારા મનમાં ક્ષમા જ સ્થાન પામી શકે, તારા વચનમાં દયાર્દ્રતા ટપકતી રહેવી જોઈએ અને તારા કાયામંદિરમાં શાંતિ જ શાંતિ રહી શકે. તને ગરમી આવવી ન જોઈએ. અશાંતિએ તને સતાવવો ન જોઈએ, નિર્દયતા તને સ્વપ્નમાં દેખાવી ન જોઈએ. જ્ઞાનનો તું સાગર છે. ધ્યાનનો તું આકર છે. આરાધનનો તું યશસ્વી સાધક છે-અને તું જ સંયમનું સાક્ષાત્ પ્રમાણ છે. તારે પોતાનો ખ્યાલ રાખવો જોઈએ. તારો પગ પંકમાં લપસી જવો ન જોઈએ.



અભિમાન મોટું દૂષણ

માન એ માનવીનું મોટામાં મોટું દૂષણ છે. એ જ્યાં સુધી હૃદયમાં વસે ત્યાં સુધી માનવી ભલે મોટાપણામાં ઓળખાતો હોય પરંતુ જ્ઞાનીઓ તો એને ખોટાપણામાં ખપાવે છે. કારણ એની હાજરીમાં અન્ય સદ્ગુણો અને દેવ, ગુરુ ધર્મની ભક્તિ કે આરાધના ફળતી જ નથી.

ન્યાયી વ્યવહાર

શાસ્ત્રકારોએ ગૃહસ્થનો સર્વતોમુખી ગુણ ન્યાયસંપન્ન વિભવ કહ્યો છે. તેનું પૂરેપૂરું પાલન કરવું એ જ ગૃહસ્થાશ્રમને સુખી બનાવવા માટે છે. અન્યાય કરવાથી અધર્મનો ભાર વધે છે, સમાજમાં અવિશ્વાસ જામે છે અને વ્યવહારમાં પ્રતિષ્ઠા ખતમ થઈ જાય છે. રાજ્યશાસનમાં અનેક પ્રકારના આક્ષેપો સહન કરવા પડે છે. અને અંતમાં પ્રતિષ્ઠાસંપન્ન તન, ધન, જન અને બલથી પરિવેષ્ટિત વ્યક્તિને ચારે તરફથી યાતનાઓ સહન કરવી પડે છે. જો પોતાનાં મન, વાણી અને શરીરનો વ્યાપાર ન્યાયી રહે તો તે જ વ્યક્તિ સર્વગુણસંપન્ન બની જાય છે.



લોકોત્તર સંબંધી

અરિહંત લોકોત્તર સંબંધી છે. એમનાથી સંબંધ સ્થાપવા માટે લૌકિક સંબંધોની રાગાન્ધતાનો ત્યાગ કરવો જરૂરી છે. લૌકિકથી પાછા વળવું પડશે. કેમ કે જ્યારે કનેક્શન બદલાય છે ત્યારે જ કંટ મેળવી શકાય છે.

અભવ્ય અને ભવ્ય

અભવ્ય ભવમાં રમણ કરતો રહે છે. ભવ્ય ભાવમાં જ ગતિ કરતો હોય છે. આસન્ન ભવ્ય સ્વભાવમાં નિમગ્ન રહેતો હોય છે. અવ્રતી ભવમાં ભમે, વ્રતી ભાવમાં રહે અને મહાવ્રતી સ્વભાવમાં આસન્ન રહે.

અધર્મી અભવ્ય, ધર્મી ભવ્ય અને આત્મધર્મી આસન્ન ભવ્ય પરમાત્માથી દૂર રહેનાર ભવગ્રાહી, પરમાત્માથી નજીક રહેનાર ભાવગ્રાહી અને પરમાત્મમય બની જનાર સ્વભાવગ્રાહી હોય છે.



જ્ઞાની અને સમષ્ટિ

જ્ઞાનીઓની દૃષ્ટિ ઉદાર હોય છે. એમનો વ્યવહાર વિશુદ્ધ હોય છે, એમની વાણી હિત, મિત, પથ્યકારી હોય છે. જ્ઞાની પોતાના જ્ઞાનમાં આખી સમષ્ટિને એક સરખી દેખે છે. સ્વાર્થ કરતાં પરમાર્થની પ્રાથમિકતા રહે છે, એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં જ્ઞાનદર્પણમાં પરમ તેજ પ્રકાશમાન હોય છે અને તેજથી નિજાનંદી બનવાનું શ્રેય એમને પ્રાપ્ત થાય છે.

કંટ્રોલ અને આરાધના

ઇન્દ્રિયોના ઉપર કંટ્રોલ કરવામાં આવે તો જ સાચું સ્મરણ થઈ શકે છે. અન્યથા દ્રવ્યેન્દ્રિયનો વ્યાપાર જુદો હશે અને ભાવેન્દ્રિય જુદા જ રસ્તે જતી દેખાશે. અતએવ સર્વ પ્રથમ એના ઉપર અંકુશ કરી લેવો પરમ આવશ્યક છે.

શ્રોત્રેન્દ્રિય (કાન)નો વિષય શ્રવણ કરવું સાંભળવું છે. અરિહંતનાં વચનોને એકાગ્ર થઈને સાંભળવા માટે કાનને અન્ય તરફથી અરિહંત તરફ વાળવામાં આવે તો અરિહંતની આરાધના થઈ શકે છે.



અહંભાવ એક રોગ

જો મોટા દેખાવાનો ઢોંગ કરતો રહીશ તો કાળાંતરમાં પણ ખોટાપણાને સાબિત કરશે. જો લઘુતા રાખીને સહનશીલ થઈશ તો પ્રભુતા પોતાની મેળે આ હૃદયમાં જ નહિ પણ વિશ્વ આખાયમાં આવી જશે.

અહંભાવનો રોગ ઘણો જ વધી રહ્યો છે એ મહત્તાનાં ચિહ્ન ન કહેવાય.

પ્રાયશ્ચિત્ત ને પશ્ચાત્તાપ

પ્રાયશ્ચિત્ત અને પશ્ચાત્તાપ એ બંને શબ્દોથી એ જ ધ્વનિત થાય છે કે, પરંપરાથી જે રીતે ચિત્ત શુદ્ધ રહેવું જોઈએ તેવું રાખો. તેની પુનરાવૃત્તિ ન થવા દો, કાર્ય થયા પછી તે જો દુઃખદ પ્રતીત થાય અથવા અનુચિત દેખાય તો તે માટે જે કંઈ સમુચિત પ્રવૃત્તિ કરવાનું વિધાન કર્યું છે તેને આચરણમાં ઉતારવું તેને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. પોતાની અજ્ઞતાના કારણે જો કંઈ થયું તેનો પશ્ચાત્તાપ કરતાં પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.



સ્વકર્તૃત્વ

પરકલ્યાણના કામી થવું જોઈએ. પરંતુ પર કર્તૃત્વના કામી કોઈ કાળે ન થવું જોઈએ. પર કર્તૃત્વનું અસ્તિત્વ નથી—એમ નથી. પરંતુ પરમાં કર્તાનો આરોપ કરીને સ્વયંનું કર્તૃત્વ ગૌણ કરી દેવું એ કોઈ કાળે ઈષ્ટ ન હોઈ શકે.

સ્વયંમાં કર્તૃત્વનો સ્વીકાર કરવાથી સ્વાભિમુખી થઈ શકાય છે પરમાં કર્તૃત્વ સ્થાપવાથી પ્રમાદ દશા વધે છે.

તપશ્ચરણ ને ઔષધિ

તપ કરવું જોઈએ, તપ એક એવી રામબાણ ઔષધિ છે કે નિકાચિત કર્મોનો કચરો પણ સમાપ્ત કરી દઈ નીરોગદશાને પ્રાપ્ત કરાવી શકે, પરંતુ એ માટે પથ્ય પણ બહુ રાખવું પડે. ગરમ ઔષધિ ખાઈએ ત્યારે ઠંડી ચીજો એટલા માટે ખાઈએ છીએ કે, દવા ગરમ ન પડે, અન્યથા સ્વાસ્થ્ય વધુ બગડી જાય. એ રીતે તપશ્ચરણ અત્યંત ગરમ ઔષધિ છે, તેની શાંતિ માટે સમતાભાવ રૂપ ઠંડકનું સેવન કરવામાં ન આવે તો આ જ ફરીથી બન્યું-બનાવ્યું બગાડી શકે છે. અનુભવીઓનું કથન છે કે, ગરમ દવા લેતી વેળા કંઈ શીતળ વસ્તુ પણ અવશ્ય રાખો.



મહામાનવ

સદ્વિચારો પામવા માટે પરમશ્રેષ્ઠ પરમેષ્ઠિઓનું ધ્યાન રામબાણ રસાયણ છે, એમાં જેનું ચિત્ત ચોંટે છે તેને અશુભ કર્મો કે તજ્જન્ય અનુચિત વિચારો અડકતાં પણ ભય સેવતા હોય છે. એટલી અદ્ભુત વિશાળ શક્તિનો ધણી મહામાનવ તરીકે જ પૂજાય છે.

પરમેષ્ઠિશરણ

" તયારી કરો સર્વસ્વાર્પણની અને પછી આવો પરમેષ્ઠિઓના શરણમાં, આદરો એમના ચરણને! ધરો એમનું ધ્યાન અને ગાઓ એમનાં ગાન! બધું ય સરળ, સફળ અને સરસ થશે. પરંતુ સૌથી પહેલાં ભાવના પ્રબળ હોવી જોઈએ.

જો આજ લેવું હોય તો આજ તૈયાર છે એ પરમેષ્ઠિ ભગવંતોનું શરણ! મનને મક્કમ કરો અને ઇન્દ્રિયોની નિરંકુશ પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકો. આ બધુંય કરવા માટે સૌ પહેલાં આંતર વીર્યશક્તિને ફોરવવાનો પ્રયાસ જરૂરી છે. ત્યાર પછી બધુંય યંત્રવત્ થતું રહેશે.



અરિહંતના ઉપાસક

અરિહંતના થઈ જવું એટલે વિશ્વ આખામાં પોતાપણું દેખવું અને પોતામાં સંપૂર્ણ વિશ્વનું દર્શન કરવું. આટલું વિરાટરૂપ બને જ્યારે પોતાનું ત્યારે જ તન્મયતા આવી શકે છે. જ્ઞાનાત્મક દૃષ્ટિએ અરિહંત લોકવ્યાપી છે, એટલા માટે જ અરિહંતના ઉપાસકે પોતાની જાતને અસીમ બનાવવી જોઈએ.

સાચો સથવારો

અન્યજનોના સથવારો વધુમાં વધુ ગામના પાદર સુધીના હોય છે. જ્યારે પરમેષ્ઠિઓના સાથ દરેક સ્થાને હંમેશાંના માટે હોય છે. જેના સાથ સદાય એ સાચા સંબંધીઓથી સંબંધ રાખનારો વિપત્તિથી બચીને સંપત્તિના માર્ગે જાય છે. આપત્તિઓ એનાથી દૂર ભાગે છે.

પરમેષ્ઠિઓથી જે દૂર જાય છે એ સંકટોની સમીપ જાય છે. પરમેષ્ઠિઓની પ્રીત સદાકાળની છે. સદાકાળના માટે રહે છે પરંતુ પ્રીત કરતાં આવડવું જોઈએ.



શાંતિનો ઉપાય

મળે તેથી પ્રસન્ન ન થવું અને જાય તેનો ખેદ ન કરવો પરંતુ જગત્સ્વભાવનું જ માત્ર ચિંતવન કરતાં રહેવું એ જ પરમ શાન્તિનો શ્રેષ્ઠ ઉપાય છે.

જાય એ આપણું નથી. આપણું છે એ જતું નથી. જનારું મળે અને જનારું જાય એમાં ઉહાપોહ ન કરતાં સ્વયંની સ્થિતિથી ચંચળ ન થવું એ જ સાધકની સાધનાની સિદ્ધિનું દ્યોતક છે.

વિચારીને વાતાવરણ

જેવું વાતાવરણ દેખાય તેવા વિચારો પણ બદલાયા કરે છે, પરંતુ બદલાતા વિચારોમાં સ્થૈર્ય લાવવું એ જ જિંદગીની સાચી સફળતા છે. સદ્વિચારોને સ્થિર કરી અન્ય વિચારોનો નિકાસ કરી દેવો એટલે સ્વાભાવિક વૈચારિક સ્થિરતાનો મેળ બેસી શકશે.

હિંમત હોય તો જ થઈ શકે છે આવું કામ, છોકરાના ખેલ નથી કે તુરંત થઈ જાય. જો જીવનને અજવાળવું હોય, જન્મ્યાનો લહાવો લેવો હોય તો આ રસ્તો પકડ્યા વિના છૂટકો નથી.



પરમેષ્ઠિઓનો સંબંધ

બધાયનો બને એ જ પરમેષ્ઠિઓની સાચી ઉપાસના કરી શકે છે. પોતાના સ્વાર્થમાં રાચનારો ક્યારે પણ એ પૂજ્યવરોની આરાધના કરી શકતો નથી. બધાયનો બને ત્યારે જ સાચી મૈત્રીય ભાવનાનો પ્રાદુર્ભાવ થાય છે. મૈત્રીભાવના વિનાનો એ આત્મા પરમેષ્ઠિઓથી સંબંધ સ્થાપી શકતો નથી.

સગું કોણ ?

શું ખરા વખતે કોઈ કોઈનું સગું થયું છે ખરું ? જો નથી થયું તો પછી ભગવાન (દેવ, ગુરુ) અને ધર્મના સગા કેમ ન થઈ જવું ? સ્વ પર કલ્યાણના પુનિત પંથે કેમ ન ચાલ્યા જવું ?

કોઈના જવાથી કોઈ દુઃખી થતું જ નથી. જો થતું હોય તો તે માત્ર બાહ્ય દેખાવથી જ. જન્મ્યા અને બાલ્યકાળમાં જ મરી ગયા હોત તો કોણ દુઃખી થાત અને કોણ ચિંતા કરત !



પ્રકૃતિ ને વિકૃતિ

પ્રકૃતિ રાખો પાણી જેવી, જે રંગમાં મેળવો તેમાં મળી જાય છતાં પોતાની સ્થિતિ–સ્વભાવને ન છોડે. કોઈની સાથે અથડાઈ પડવાની પ્રકૃતિ શેતાનની હોય છે. કોઈને સતાવવાની પ્રકૃતિ હેવાનની હોય છે. બધાને પ્રસન્ન રાખવાની પ્રકૃતિ ઇન્સાનની હોય છે. અને બધાનું કલ્યાણ કરવાની પ્રકૃતિ ભગવાનની હોય છે. જેની પ્રકૃતિ વિકૃત હોય તેનું જીવન પણ વિકૃત થઈ જાય છે. વિકૃતિથી બચવા માટે પ્રકૃતિ સારી રાખવી એ જ શ્રેયસ્કર છે.

વાચાલતા કે વિદ્વતા ?

બધું જાણવા છતાં પણ ચક્રનો પ્રેમી તેમાં જ પ્રસન્નતાનો અનુભવ કરે છે. જ્ઞાની કહે છે કે, આ તેનું જાણપણું નથી, પરંતુ અજ્ઞાનદશા છે. ઊંચી ઊંચી વાતો કરવાને ટેવાયેલો તેમાં જ પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરે છે. જ્ઞાની તેને વિદ્વાન નહીં પણ વાચાલ અગર બહુમુખર કહે છે. ઊંચી દુકાન અને ફીક્કાં પકવાન જેવી તેની સ્થિતિ સમજવી જોઈએ, જેની અંદર કંઈ નથી, જેના આચરણમાં અંશ નથી.



સફળતા અગર વિફલતાનો આધાર

મહાસાગરમાં ગોથાં લગાવનાર પ્રયત્ન કરે તો રત્નો પામી શકે છે. અને નિર્ભાગીને કાંકરા પણ હાથ લાગતા નથી. પ્રત્યેક માણસે પ્રયત્ન, પુરુષાર્થ અને પ્રક્રિયા એવી કરવી જોઈએ કે, જેથી તેના હાથમાં રત્નો આવે. સફળતા ને વિફળતા અગર ભાગ્યનું નિર્માણ એ બધું માનવીની પોતાની પ્રક્રિયા પર નિર્ભર છે. જ્ઞાનીઓના સંગથી તેને સમજવું અને તદનુસાર ચાલવું એ જ એની સફળતાનું દ્યોતક.

ભય અને નિર્ભય

બધાયની ઓળખાણ થવા છતાં પરમેષ્ઠિ ભગવંતોની ઓળખાણ ન થાય તો બધી જ ઓળખાણ નકામી છે, ચકરાવામાં નાખનારી છે. એક ઘરમાં (મ્યાનમાં) એક જ તલવાર રહી શકે. બે કોઈ કાળે ન રહી શકે. એક હૃદયમાં એકને જ સ્થાન હોઈ શકે. કાં સંસાર અને તેના પોષક તત્ત્વ અને કાં પરમેષ્ઠિઓ અને એમના ગુણની ગરિમા. જે હૃદયમાં સંસારીનું સ્થાન હોય ત્યાં ભવવૃદ્ધિ અને પાછળ રહેલો હોય ભય. જ્યાં પરમેષ્ઠિનું સ્થાન હોય ત્યાં રહે હંમેશાં ભાવવૃદ્ધિ અને તેના પાછળ હોય નિર્ભય દશા.



પ્રવૃત્તિ ને નિવૃત્તિના પંથ

પ્રવૃત્તિમૂલક પ્રવૃત્તિઘાતક છે. નિવૃત્તિમૂલક પ્રવૃત્તિ ઉદ્ધારક છે. નિવૃત્તિની પ્રવૃત્તિ સુખદ છે. પ્રવૃત્તિમૂલક પ્રવૃત્તિમાં અહમ્ રહે છે, નિવૃત્તિમૂલક પ્રવૃત્તિમાં સોહમ્ રહે છે. સોહમ્‌ની વાત ભાવોત્પાદક છે, ને અહમ્‌ની વાત વિચારોત્પાદક છે. ભાવ શાંતિ પ્રદાયક હોય છે. વિચાર કોઈ પણ બાજુ લઈ જઈ શકે છે.

ઘોડો અને લગામ

મન પોતાના સ્વભાવાનુસાર ચંચળ થયા કરે છે. એક ક્ષણમાં એ આકાશ અને પાતાળનું માપ કાઢી આવે છે. ઉત્તર, દક્ષિણ અને પૂર્વ પશ્ચિમનો કિનારો દેખવા દોડતું હોય છે. એ ભલે જાય. પરંતુ એને પાછા વાળતાં પણ આવડવું જોઈએ. ઘોડો ભલે ભાગવાની હિંમત કરે પરંતુ સવાર યોગ્ય અને લગામ મજબૂત પકડનાર હોવો જોઈએ. આપણા મનના ઘોડાની લગામ પણ આપણા હાથમાં રહેવી જોઈએ. એ ત્યારે જ શક્ય બને છે જ્યારે પરમશ્રેષ્ઠ પરમેષ્ઠિઓને તત્ત્વરૂપે ઓળખીને એમના થઈ જવાય. એ થતાં જ સુષુપ્ત શક્તિઓનો સમુદય માનસિક વલણને અવશ્ય બદલી શકે છે.



ત્યારે ભવના ભુક્કા

બધાય નિરાધાર જીવો સંસારમાં ભ્રમણ કરતા રહે છે. એમના માટે આધારભૂત અરિહંત જ છે. એમના પ્રત્યે સન્નિષ્ઠા જાગે ત્યારે જ ભવના ભુક્કા ઊડી શકે. સાચો પૂજ્ય ભાવ પ્રગટે એમના ઉપર ત્યારે જ સ્વદેશ તરફ પગલાં પડે આરાધકનાં.

ગ્રામ્ય અને નગરીય શાંતિ

ખુલ્લી હવા, પ્રકૃતિનું સુંદર દૃશ્ય અને આમ્રવનની સઘન ઝાડીની વચ્ચે બેઠા પછી વિશ્વમાં ચાલી રહેલી પ્રત્યેક હીલચાલને જોતાં આત્માને પરમ આનંદની અનુભૂતિ થાય છે. ક્યાં ત્યાંની ધૂમા, ખરાડા, ધમાલભર્યું જીવન અને ક્યાં હરિયાળીથી આચ્છાદિત શાંતિમય જીવનનો પ્રમોદ! ગ્રામ્ય જીવન સંતોષપ્રદ હોય છે, જ્યારે શહેરી અગર નાગરીય જીવન અશાંતિપ્રદ હોય છે. જેનો અનુભવ ભુક્તભોગી જ કરી શકે છે.



ભયને આમંત્રણ

મારકનું મારક ઔષધ અહીં વિદ્યમાન છે. ઝેર જીવનનો અંત કરનારું છે ત્યારે અમૃત ઝેરનો અંત કરનાર છે. અંધકાર પ્રત્યેકને ભટકાવનાર છે પરંતુ પ્રકાશ અંધકારને હટાવનાર છે. કર્મો આત્માને ભમાવનાર છે પરંતુ એ કર્મોને ભમાવનાર પરમેષ્ઠિ ભગવંતો વિદ્યમાન છે. કર્મોથી ડરતા રહેનારે પરમેષ્ઠિઓથી દૂર થઈ રહેવું ભયને નોતરવા જેવું છે.

પૂર્ણ ને અડધું

અધ્યયનનું અજીર્ણ બહુ ખરાબ હોય છે. અન્નનું અજીર્ણ થયું હોય તો તે દૂર કરી શકાય પરંતુ અધ્યયનનું અજીર્ણ કોઈ કાળે દૂર કરી ન શકાય. એ જ કારણથી આદમી પથભ્રષ્ટ પણ થઈ જાય છે. સંતોનું લક્ષણ છે પોતાની ભૂલ જોવી જ્યારે દુર્જનનું લક્ષણ છે બીજાની ક્ષતિઓ જોવી. સંતો હંસ–સ્વભાવના હોય છે, ને દુર્જનો કાગડાના સ્વભાવના હોય છે. સંત ભરેલા ઘડાની જેમ ગંભીર હોય છે જ્યારે દુર્જન અડધા ભરેલા ઘડાની જેમ છલકાય છે ને સહન કરી શકતા નથી.



વિકાર અને વિચાર

પરમેષ્ઠિના શરણમાં જવા માટે માનસિક એકાગ્રતા અને વિકારોની નિકાસ જરૂરી છે. માનસિક ચંચળતા અને વિકારોની આવક બધું ય નકામું કરી દે છે. વિકાર વધતાં વિચારો વિકૃત થઈ જાય છે. અને પરિણામે વાણી, વ્યવહારમાં પણ વિકૃતિ આવી જાય છે. જેના કારણે કરેલા જપ તપોનુષ્ઠાનનું યથાવત્ પરિણામ પ્રાપ્ત થતું નથી.

સહયોગી ને સાધના

યોગ્ય સાથીના અભાવમાં બધે અશાંતિ અને કડુરૂપણનો અનુભવ કરવો પડે છે; પછી તે ગૃહસ્થ હોય કે સાધુ. ગૃહસ્થનો ગૃહસ્થાશ્રમ નરક બની જાય છે ને સાધુની સાધના ક્લેશમય બની જાય છે. ગૃહસ્થ રોઈને તે ભોગવે છે, સાધુ પૂર્વનો સંબંધ સમજીને તેને હસીને સહી લે છે. છતાં સાધુજીવનમાં યોગ્ય ઉત્તરસાધક હોવો જ જરૂરી છે. જે પોતાનું અને પોતાના સાધકનાં મન, વચન અને કાયાની ત્રિવેણીનું શુદ્ધપણું રાખી શકે. એવા ઉપર્યુક્ત સહયોગી વિના સાધુજીવન ગૃહસ્થ કરતાંયે અધિક કષ્ટપ્રદ બની જાય છે.



વિચાર અને વિકાસ

વિચારો ઉપર વિકાસ અવલંબે છે. સદ્વિચારો વિકાસના પુનિત પંથે પ્રયાણ કરાવે છે. દુર્વિચારો વિલાસ અને પ્રાન્તે વિનાશની ભયંકર ગર્તામાં તાણી ઢસડી જાય છે. વિકાસના માર્ગે ભવનો અંત હોય છે અને વિલાસમાં ભવાંતરની ભટ-કનના ડોકિયાં કરતી હોય છે.

અરિહંત અને સ્વદેશ

અરિહંત ભણી આગળ વધવું સ્વદેશ તરફ જવું છે. સ્વદેશના લોકોને સ્વદેશ જવા માટે જ સ્વદેશ ગયેલા પરમાત્મ ભગવંતોએ દરેક રીતે પરદેશમાં થતી યાતનાઓનો ચિતાર આપ્યો છે.

સ્વદેશનું નામ જ એવું છે કે જે દરેકના હૈયે વસી જાય છે. પરંતુ પરદેશની ડંખના અને સ્વદેશની ઝંખના જાગે ત્યારે જ શક્ય છે અરિહંતની આરાધના.



ઉપકારી ને અપકારી

એવા જીવનને ધિક્કાર છે જે સમસ્ત ઉપકારો ભૂલી જઈ અપકાર કરવામાં પ્રવૃત્ત બની જાય. ઉપકારી પોતાના સ્વભાવને છોડતો નથી. અપકારીએ પોતાની સ્થિતિમાં સુધારો કરવો જોઈએ. સંસારમાં જે કંઈ વેદના દેખાય છે તે તેવા જ હીનવૃત્તિવાળા અપકારીઓએ ઉત્પન્ન કરેલી છે. જો થોડું પણ જ્ઞાન હોય તો જે વાતાવરણ છે તેમાં નિશ્ચય મહદંશે સુધારો થઈ શકે છે. અન્યથા તેવા અપકારીઓ રૂએ છે, રોયા છે ને રોશે એમાં સંદેહ નથી.

સ્વભાવ ને વ્યવહાર

જે દિવસે સમુદ્ર જેવી ગંભીરતા તારામાં આવી જાય તે દિવસે તું સમજજે કે, તું કંઈક પામી શક્યો છે. તારી શીતલતાની આગળ ચંદ્ર પણ લજ્જાવનત બની જાય ત્યારે તું તે ક્ષણોને સાર્થક સમજજે. તારું ધૈર્ય અને સ્થૈર્ય જોઈ મોટા મોટા પહાડો પણ ચલાયમાન થાય ત્યારે તે સમયને તું ધન્ય સમજજે. હજી તો તારામાં કંઈ જ નથી. સમુદ્રના સ્થાને ભરેલા નાના ખાબોચિયા જેવો છે તારો સ્વભાવ, જે હંમેશાં થોડું સરખું પાણી વધતાં છલકાઈ જાય તેવો છે ચંદ્રની શીતલતાને બદલે ભઠ્ઠીના અંગારા જેવો તારો વ્યવહાર છે જે થોડો સ્પર્શ કરતાં જ દાઝી જવાય. પહાડ જેવા ધૈર્ય અને સ્થૈર્યના બદલે હરસમયે ગાડીનાં પૈડાંની જેમ તારો વાણીવ્યવહાર ઘડીમાં રાજા ભોજ અને ઘડીમાં ગાંગા તેલીની જેમ ચાલ્યા કરે છે. જો આમ રહ્યા કરશે તો તારું જીવન નિરર્થક બની જશે; માટે સમજ, સમજ.



અર્થી અને પરમાર્થી

અર્થનું કામ ચક્કરમાં લઈ જાય છે ને પરમાર્થનું કામ ચક્કરથી મુક્તિ અપાવે છે. અર્થની વૃત્તિ સ્વાર્થને પુષ્ટ કરે છે ને પરમાર્થની વૃત્તિ આત્માર્થને પ્રાપ્ત કરાવે છે. અર્થ અનર્થોની પરંપરા પેદા કરે છે. પરમાર્થ સંનિષ્ઠાની ભાવનાને જાગૃત કરે છે. અર્થી ખોવે છે જ્યારે પરમાર્થી પામે છે. અર્થી તાકતો રહે છે ને પરમાર્થી પાન કરી લે છે. અર્થી ગોથાં ખાતો રહે છે જ્યારે પરમાર્થી સ્થિર સ્થાને બેસે છે. અર્થી બધું કંઈ કરે છે, જ્યારે પરમાર્થી કરવાનું હોય તે જ કરે છે.



આપણે પરદેશી

આપણે બધા પરદેશી છીએ. કારણ ભટકીએ છીએ. સ્વદેશીને ભટકવાનું હોય જ નહિ. જે પોતાના દેશમાં પહોંચ્યો નથી તેને પરદેશીઓ પોતાના દેશમાં એ પરદેશીને શા માટે રહેવા દે. પરદેશી પરદેશનું પરવાનું પૂરૂં થતાં જ પરદેશ જવાની તૈયારી કરે છે. ઉચાળા ભરે છે. પરંતુ સ્વદેશ જવાની એને ક્યારેય ભાવના જાગતી નથી.

શાંતિનગર

અપૂર્વ શાંતિ નગરમાં પહોંચવા માટે પ્રબળ સથવારો હોવો જરૂરી છે. માર્ગમાં આવતા દુર્ગમ ડુંગરાઓ અને ભયાનક અટવીમાં ભૂલી ન જવાય એટલા માટે એ પરમેષ્ઠિ ભગવંતોનો સથવારો જ પરમ સહાયક થઈ શકે છે. જેનો સથવારો એના ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. વિશ્વાસ વિના કંઈ પણ સાર્થકતા સાંપડતી નથી. વિશ્વાસુના ચરણે સર્વસ્વાર્પણ કરી દીધા પછી જ સરળતાથી એ શાંતિનગરમાં પહોંચી શકાય છે.



સ્વદેશની સ્વતંત્રતા

પાંચ પરમેષ્ઠિઓમાં બધાય સ્વદેશીઓનો સમાવેશ થઈ જાય છે. જેમાં અનંતા પહોંચ્યા, અનેક પહોંચવાના બાકી છે અને અનેક માર્ગે થઈ ગયા છે. સ્વદેશ જવા ઇચ્છનારે આ પરમેષ્ઠિઓનો સાથ કર્યા વિના છુટકો જ નથી. સ્વદેશીઓ પ્રત્યે જેને પ્રેમ છે તેને પરદેશમાં પણ દેશબાંધવો મળે છે. છતાં પણ દેશ એ દેશ. સ્વતંત્રતા જેટલી સ્વદેશમાં હોય એટલી પરદેશમાં તો ન જ હોઈ શકે.

દુનિયામાં સમજાવનાર ઘણા છે, સમજનાર થોડા. સમજાવનાર સમજી જાય તો સમજનાર ઘણા. ઘણાને સમજાવવા સહેલું કામ છે પરંતુ એકને સમજાવવો મુશ્કેલ છે. એકને સમજાવ્યા પછી ઘણા તો થોડી મહેનતે સમજી જાય છે. એકને સમજાવવા માટે એકના શરણમાં જવું જોઈએ. એના સામે એક્કા થઈને રહેવું જોઈએ. એ એકના ઉપર અપૂર્વ નિષ્ઠા રાખવી જોઈએ. એક અરિહંતનું શરણ લેવું જોઈએ અને એકલા મનને સમજાવવા માટે થવું જોઈએ એક્કા. કૃત ૬૯ સંકલ્પ. એ એક સમજશે તો ઘણી પળોજણ પતી જશે.



પરમેષ્ઠિઓની પ્રીતિ પ્રકાશ તરફ લઈ જનાર છે. એમનાથી વિમુખ રહેવું એ અંધકારને આમંત્રવા જેવું છે. પરમેષ્ઠિઓની ભક્તિ આત્મ-શક્તિને વધારનારી છે. એ શક્તિ અપાર હોય છે. એ પ્રગટતાં જ સ્વપરનો ભેદ જલ્દી સમજી શકાય છે અને દિવ્યતાનાં દર્શન થાય છે.

પરદેશીની પ્રીત ક્યાં સુધીની? સ્વદેશીની પ્રીત ક્યાં સુધીની? પરદેશીની પ્રીતિ ટુંકા ગાળાની, સ્વદેશીની પ્રીત સદાના માટેની, પરદેશ છે સંસાર, પરદેશી છે બધાય સંસારી સંબંધી જનો. સ્વદેશ છે સિદ્ધિ નગર, સ્વદેશીઓ છે પરમેષ્ઠિ ભગવંતો. પરદેશીઓનો સંબંધ આંખો ઉઘાડી ત્યાં સુધીનો અને સ્વદેશીઓનો સંબંધ જન્મ જન્મનો. જે પ્રાન્તે સ્વદેશમાં જ લઈ જનાર નિવડવાનો છે.



જ્યાં સુધી શુભનો ઉદય થાય નહિ અને અશુભના આવરણ ખસી જાય નહિ ત્યાં સુધી વ્યક્તિ પોતાની ઈચ્છા યા ભાવનાનુસાર કંઈ પણ કરવા સમર્થ બનતો નથી. અંતરમાં ઉંડે ઉંડે નિરાશાના હિંડોળામાં ઝૂલતા ઉગ્ર ઘણાં પણ કેટલી કામનાઓ અધૂરી જ રહી જાય છે. એ અધૂરાંને ફળાવવા માટે પરમેષ્ઠિઓના શરણ લેવું જરૂરી છે.

મુશ્કેલી અને તમન્ના

પરદેશથી નિકળી સ્વદેશ તરફ જનારા વ્યક્તિને રસ્તામાં કેટકેટલી મુશ્કેલીઓ વેઠવી પડે છે? છતાં શું એનાથી ગભરાઈ જઈને કોઈ સ્વદેશ જવાનું માંડી વાળે છે? ના! મુશ્કેલી અને હાલાકીઓથી પણ વધુ તમન્ના છે સ્વદેશ પહોંચવાની. તેથી તે બધુંય ગૌણ કરી દે છે. એવી જ રીતે સ્વદેશ તરફ જતાં આ આત્માને જે કંઈ પણ અગવડતાઓ અને મુશ્કેલીઓ નડે એથી શું એણે પોતાનો દેશ વિસારી દેવો? કોણ ડાહ્યો માણસ ભૂલી શકે સ્વદેશને!



આરાધના અરિહંતની

પ્રવચન પ્રચારક ઉપદેશક અરિહંત છે. જ્યાં સુધી કર્ણેન્દ્રિય સ્વસ્થ નહિ હોય ત્યાં સુધી તેમની વાણી કાનને સ્પર્શવાની નથી. સ્થિરતાના અભાવે એ અંતરના પાપોને પખાળવાની નથી. એટલે જ કર્ણેન્દ્રિય સ્વસ્થ હોય તો જ સાંભળીને સમજાય એમની આજ્ઞા એ સમજાય ત્યારે ત્યારે જ સાચી આરાધના થઈ શકે અરિહંત ભગવાનની.

આટલું જોઈએ

જ્ઞાન આપનાર અરિહંત, દર્શન આપનાર સિદ્ધ, આચારનું શિક્ષણ આપનાર આચાર્ય, જ્ઞાનની સમીપ લાવનાર ઉપાધ્યાય, વિવેક પૂર્વક સાધના કરનાર સાધુ, આ પાંચમાં સર્વ સમાઈ જાય છે. પાંચ સિવાય બીજા પાસેથી કશુંય મળવાનું નથી અને એટલે જ પાંચના ઉપર પ્રીતિ, ભક્તિ જ્યારે જાગે ત્યારે જ ધન્ય માનજો જીવનને અને ધન્ય સમજજો એ દિવસને !

દિલના દિવાન ખાનામાં પરમેષ્ઠિઓના ગીતના ગુંજારવ થતા રહે, એમના જ જાપ જપાતાં રહે અને એમના જ પ્રભાવ પ્રસરી રહે એવી સતત પ્રાર્થના છે મારી !

એ મળ્યા પછી બધુંય વ્યર્થ છે



રત્નદીપ નવકાર

પરમેષ્ઠીઓની નિર્મળ અને અલૌકિક જ્યોતિ પ્રસારનારો ક્રમશઃ પરમેશ્વરી નવકાર ભાગ્યશાળી લોકોને બુદ્ધિ સાથેની જ્યોતિ નવકાર સાક્ષાત્ મળી જાય છે.

મમત્વ મારનાર છે અને સમત્વ તારનાર છે. મમત્વનું વિકૃતરૂપ સંસાર અને સમત્વનું શુદ્ધ રૂપ મુક્તિ છે. મમત્વ વધતાં આશક્તિ જન્મે અને વધે છે. જ્યારે સમત્વ વધતાં વિરક્તિ વધે છે. આશક્તિમાં બંધન છે ત્યારે વિરક્તિમાં સ્વતંત્રતા છે. આશક્તિથી રાગ વધે છે અને રાગથી રંગ વિકસે છે. વિરક્તિથી વિરાગ અને વિરાગથી તત્વ સુધી દૃષ્ટિનો વિકાસ થાય છે.



સિદ્ધ ભગવંત અરૂપી છે. લોકાગ્રે બિરાજેલા છે. દેખવા માટે ચક્ષુરિન્દ્રિય છે. એ સ્થિર હોય, એના વિષયો પર વિજય મેળવી શકાયો હોય તો જ અરૂપીનાં દર્શન થઈ શકે! જો એમાં વિકાર હોય, રાગ, દ્વેષની પરિણતિ હોય તો એ જ ચક્ષુ ઊંડી ખીણમાં ધકેલી શકે છે. એટલે ચક્ષુરિન્દ્રિયના અન્ય વિષયોને જીતી લેવાય ત્યારે જ પરમ તેજના દિવ્ય પ્રકાશને પામી શકાય છે.

આપણા શુભચિન્તક કોઈ નથી. માત્ર એક પરમેષ્ઠિઓ જ આપણા શુભેચ્છક-હિતેચ્છુ છે. બાહ્યથી પ્રેમ ભર્યો વ્યવહાર રાખનાર, સમય આવ્યે અંતરથી કાતિલ કામ કરતાં પણ ડરતા નથી. જ્યારે પરમેષ્ઠિભગવંતો તો જે સમયે કોઈ ક્યાંય ન ભાળે ત્યારે ત્યાં પણ પ્રત્યેકના આશ્રયદાતા બને છે. એમને નથી સ્વાર્થ કે નથી કોઈ લેવું દેવું! નિઃસ્વાર્થ કલ્યાણકામી. વિશ્વ વત્સલ એવા પરમેષ્ઠિઓથી દૂર રહી જે બહિર્ભાવ પરત્વે છે તેમના પ્રત્યે મમત્વ ધરાવે છે, તે પોતાની જાતની જાતે વંચના કરી રહ્યાં.

પરમેષ્ઠિઓની ભક્તિ [illegible] કરનારી છે. [illegible] આરાધના [illegible] પરમેષ્ઠિઓની ભક્તિ [illegible] ભાવનારી છે. એ ભક્તિ [illegible] ભક્તિ પ્રત્યક્ષ [illegible] વિભાવના [illegible]

બધાય મળશે

ક્રોધથી ધમધમી ગયેલો શાંતિ કેવી રીતે આપી શકવાનો હતો? અશાંત હૃદયને! માનથી અક્કડ રહેનારો નમ્રતાની લ્હાણી કેવી રીતે કરવાનો હતો? માયાની મજા માણનારો નિષ્કપટ પ્રવૃત્તિઓનો અહેવાલ કેવી રીતે આપી શકવાનો હતો? અને લોભમાં નિમગ્ન રહેનારો સંતોષનો પાઠ કેવી રીતે શીખવવાનો હતો?

બધાંયના એક જ ઠેકાણે દર્શન કરવાં હોય તો આવો એ પરમ પૂજ્ય પરમેષ્ઠિઓના શરણમાં! શાંતિ અને નમ્રતાનો ત્યાં સાક્ષાત્કાર થશે! માયા અને લોભના સ્થાને સરળતા અને અપૂર્વ સંતોષનાં દર્શન થશે! કારણ પરમેષ્ઠિના પદને એ જ પામે છે જે આત્મા આ કાષાયિક વૃત્તિથી દૂર ખસી આત્મશાંતિ તરફ આગળ વધે છે.



શાસ્ત્રનો સાર

મહામંત્રના એક પણ પદનો અપલાપક મહામંત્રનો જ અપલાપક છે. એટલું જ નહિ એ પરમેષ્ઠિના પ્રત્યેની ભક્તિથી વિહીન છે, પરમેષ્ઠિનું પરમેષ્ઠત્વ એમનાથી બહાર ન હોય અને એટલે જ એમનામાં જૈન શાસનનું તત્વ સમાયેલું છે.

મહામંત્રના એક એક અક્ષરમાં સમસ્ત શાસ્ત્રોનો સાર સમાયેલો છે.

પરમેષ્ઠિઓની પ્રતિષ્ઠા.

હૃદયના સિંહાસન ઉપર પરમેષ્ઠિઓને પ્રતિષ્ઠિત કરવામાં આવે તો જ એ સિંહાસનની શોભા છે. અન્ય ઇષ્ટ જેટલા છે તે બધાય કાંતો અનિષ્ટમાં પરિણમે છે. અને કાં અંત્યેષ્ઠિમાં પરિણામ રૂપ થાય છે. જ્યારે પરમ શ્રેષ્ઠ એવા પરમેષ્ઠિઓ તો હમેશાંના માટે પરમાત્મ સ્વરૂપમાં જ સ્થિત રહેનારા છે.



પારસમણિ

જેનો સ્પર્શ લોઢાને થતા જ લોઢું સોનું બની જાય એવું 'પારસમણિ' જેને મળે એના ભાગ્ય ઉઘડી જાય!

આવા પારસમણિને કોણ ન ચાહે? મેળવવા માટે એનો ઉપયોગ કોણ ન કરે? ઉપયોગ કરનાર શું ન મેળવી શકે?

આવા પારસમણિને આનંદે નમસ્કાર [illegible] ન [illegible]વાય ?

તેવી જ રીતે

માનવનું જીવન એ કંઈ પારસમણિથી ઊતરતું નથી એના કરતાં ય વધી જાય એવું છે.

મણિ તો આ એક ભવમાં જ ઈચ્છિત અપાવે, પરંતુ આ ઉત્તમ જન્મ તો જન્મ જન્મને સુધારી દે છે એટલું જ નહિ પણ જો એને સદ્ગુરૂના સંસર્ગમાં સમર્પી દેવાય તો ખરેખર માનવભવ મહામંગલકારી બનતાં વાર લાગે નહિ.

જન્મ કરતાં મરણ ચમકવું જોઈએ ! જન્મના આનંદ કરતાં મરણનો આનંદ વધુ હોવો જોઈએ. જન્મ પછી મરણ રહેલું જ છે, પરંતુ જો પુરૂષાર્થ અને આરાધના કરાવાય તો જરૂર મરણ પછી મરણ રહે જ નહિ !

પારસનો સંયોગ પામ્યા પછી લોહું લોઢા રૂપે રહે જ નહિ ! તેમ પારસમણિના જેવો સર્વશ્રેષ્ઠ સંયોગ પામ્યા પછી જો એને સાધી લેવાય તો જીવન લોઢા જેવું રહે જ નહિ.



ચેતજો !

બીજાના દુર્ગુણોનો ચેપ તમને ન લાગે એટલા માટે ચેતજો !

બીજાની બુરાઈના ભોગ તમારો જીવ ન બને તે માટે ચેતજો !

જિંદગીનો ભરોસો નથી, થઈ શકે એટલી આરાધના કરવા માટે ચેતજો !

ગાડી સ્ટેશન છોડે નહિ તે પહેલાં બેસવું હોય તો ચેતજો !

'મારૂં' ને 'હું' બન્ને આદમીને પછાડનાર છે; એ પછાડે નહિ એના પહેલાં ચેતજો !

ઈન્દ્રિયો શિથિલ થઈ ગયા પછી કંઈ નહિ થાય. એટલે એ સ્વસ્થ હોય ત્યાં સુધી જ કંઈક કરી લેવા માટે ચેતજો !

મોંઘી વસ્તુ સસ્તા ભાવે મળે છે, લેવી હોય તો ચેતજો !

મોંઘો માનવનો ભવ મળ્યો છે, સફળ કરવો હોય તો ચેતજો !

જીવ માત્રને જીવવાનો હક્ક છે, આ [illegible] ભૂલી ન જવાય માટે ચેતજો !

ઈર્ષ્યા અને અભિમાન [illegible] દુશ્મન છે. જીવના દુશ્મન તો [illegible] બનવામાં [illegible]. [illegible] બંધાવવામાં [illegible] છે, [illegible] એનાથી [illegible] અને ચેતજો !

તારું ઘર

તું ચૈતન્યમય, સદા અજર અમર રહેનાર, તારું ઘર ક્યાં અને કેવું? શું આ ઈંટ ચૂનાના બનાવેલા બંગલા તારા છે? શું તારે આવા ઘરોમાં જ રહેવાનું છે સદાના માટે? ના, ના! જો જે હો! તારું ઘર માટીનું ન હોય! તારા ઘરે ગયા પછી તારે પાછા આવવાનું પણ ન હોય! તારું ઘર ન મળે ત્યાં સુધી બધાં ય ઘર બીજાનાં! બીજા ક્યાં સુધી સંઘરી રાખવાના?

મુસાફરો મુસાફરખાનામાં ક્યાં સુધી રહે? જ્યાં સુધી ગાડી આવવાનો સમય ન થયો હોય ત્યાં સુધી વધારે નહિ! તારા માટે પણ સમય નક્કી થઈ ગયેલો જ છે, પછી તને એક ઘડી કોઈ નહિ રહેવા દે!

માટી માટીને દેખી હરખાય! માટીને દેખીને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રનો ધણી આત્મા ક્યારે ય હરખાય! ના.

ઘર ભણી પગલાં માંડ! જેમ એક વિદ્યાર્થી એક પછી એક શ્રેણિએ સફળ થતો લક્ષ્ય સાધે છે તેમ તું પણ સદ્‌ગુરૂઓના શરણને સ્વીકાર અને તારા ઘરને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કર!

જાગતા રે'જો

આવ્યા છો તો એક દિવસ જવાનું પણ છે. અણધાર્યું તેડું આવશે; ઊંઘમાં ન રહેવાય માટે જાગતા રે'જો !

કૃત્રિમ પ્રેમ દાખવનારા ખરા પ્રસંગે પાછા ખસી જશે, ખબર નહિ પડે; માટે જાગતા રે'જો !

ઘણું ય ભેગું કરવા છતાં કોઈ પણ કંઈ લઈ જવા નહિ દે; માટે જાગતા રે'જો !

હસતાં કે રડતાં એક દિવસ બધું ય છોડવાનું છે; માટે જાગતા રે'જો !

કષાય લૂંટારા આવી તમારા આત્મધનને લૂંટી ન જાય માટે જાગતા રે'જો !

સંસારનું મોહક વાતાવરણ તમને તમારા ધ્યેયથી ચલાયમાન ન કરી દે માટે જાગતા રે'જો !

અપૂર્વ શાન્તિપ્રદાયક ધર્મની આરાધના કરવા માટે પ્રમાદ છોડીને સદા જાગતા રે'જો !

માનવતાની રક્ષા અને દાનવતાને દેશવટો આપવા માટે હંમેશાં જાગતા રે'જો !

સંસારની વાસનાઓ તમને ઊંડી ખીણમાં ખેંચી ન લઈ જાય એટલા માટે જાગતા રે'જો !

સર્વ જીવોમાં મારો પ્રેમ, સર્વ જીવ પ્રત્યે મારી ભાવના અને સર્વ જીવ સાથે મૈત્રી મારો મુદ્રાલેખ છે. આ પવિત્ર વૃત્તિ ન લોપાય માટે જાગતા રે'જો !

ક્ષમાપના

પશ્ચાત્તાપના પહાડમાંથી પ્રવાહિત થાય છે ક્ષમાપની પવિત્ર સરિતા ! સરિતામાં સ્નાન કરનાર ક્યારે ય પાપથી લેપાતો નથી.

પશ્ચાત્તાપના પાવકમાં કર્મેન્ધનને ભસ્મીભૂત કરતાં ક્ષમાપનામાં આરૂઢ રહેલાં ચંદનબાળા અને મૃગાવતીજી કેવળજ્ઞાનને પામી ગયાં હતાં !

ક્ષમાપના આપવા માટે હૃદયમાં વિશાળતા અને માનસમાં નમ્રતા જોઈએ. એ વિના ઉપશમ ભાવ આવતો નથી અને સાચી ક્ષમાપના થઈ શકતી નથી.

જૈન શાસનમાં ભાવ રોગના વિચારણ માટે ક્ષમાપના સર્વતોમુખી સરસ અને સફળ રામબાણ ઔષધિ છે.

ખમે એ જ જે શક્તિશાળી હોય. ખમાવે એ જ જેને અનુચિત કાર્યથી કંઈક પણ ભાર લાગ્યો હોય !

ક્ષમાપના એ જીવન ઉદયની ઉષા છે. વિશ્વ-મૈત્રીનાં મંડાણ છે અને જીવનવિકાસના શિખરની પ્રથમ પગથી છે.

ખમે અને ખમાવે એ આરાધક, તેનાથી વિપરીત હોય તે વિરાધક !

એથી તારું શું ?

લોકો તારી વાહવાહ કે જયજયકાર કરે એથી તારૂં શું ?

સાત દિવસ સાડી. વાડી અને ગાડીના પાછળ ગાળ્યા. ઘણું ય ભેગું કર્યું એથી તારૂં શું ?

ઘણા મોટા બંગલા બાંધ્યા અને મખમલની શૈયામાં પોઢ્યો પણ એથી તારૂં શું ?

સારા સારામાં રાચ્યો રહ્યો, બધાયનો પ્રેમ પણ સંપાદન કર્યો છતાં એથી તારૂં શું ?

સારા સારા સમારંભોમાં જઈ આવ્યો. લાંબા ભાષણો ભાખી આવ્યો પરંતુ એથી તારૂં શું ?

દુનિયામાં ફુલણજી જેવો થઈને ફર્યો અને જીવનને કંઈ પણ ન સમજ્યો એથી તારૂં શું ?

જગતમાં તારી હાક વાગે અને તારા નામને સાંભળતાં કેંકો ડગે પણ એથી તારૂં શું ?

વૈભવ વિલાસમાં રાચતો રહ્યો. મોટર, અને મોટરોના પાર ન રહ્યા એથી તારૂં શું ?

શરીરને શણગારવા ખૂબ ટાપટીપ કરી, અને આભૂષણો અને વસ્ત્રોથી શણગાર્યું પણ એથી તારૂં શું ?

તું માન મરતબાનો માલિક બની જાય અને તારા નામનો ડંકો વાગે એથી તારૂં શું ?

મોટો ગુણુ વિનય

બધાય ગુણોમાં વિનય ગુણુ મોટો અને સર્વશ્રેષ્ઠ છે એથી જ વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલે છે અને જીવન દીપી ઉઠે છે. એથી જ શિષ્ટતાનું સર્વોપરિ પ્રમાણુપત્ર મળે છે.

વિનય હાથપગનો નહિ પરંતુ હૃદયનો હોવો જોઈએ. શરીર કે તેના અંગાવયવ નમી જાય એથી કંઈ નહિ, હૃદય નમી જવું જોઈએ!

હૃદય એક ઘડા જેવું છે, ઘડાને ભરવા માટે જેમ નમાવવો પડે છે તેમ હૃદયના ઘડાને નમાવ્યા સિવાય સદ્‌ગુણુના જળને પામી શકાશે નહિ.

ગુણુ વગરનું જીવન નિર્ગુણુ એટલે અવગુણોની દુર્ગંધ મારતું જીવન.

ફૂલમાં રહેલી સુગંધ બધાયને આકર્ષે છે, તેમ હૃદયના ફૂલમાં સદાચરણુ અને સદ્‌વ્યવહારની સુગંધ દરેકને હંમેશાં આકર્ષિત કરે છે.

નમે એ સહુને ગમે.

વિનય હોય તો નમન થાય, નમન થાય તો જ મનન થઈ શકે અને મનન કરે ત્યારે જ જીવનનું અમૃત મેળવી શકાય. પરિણામમાં બધી યે પ્રાપ્તિનું મૂળ એક જ વિનય અને એટલે જ વિનય ગુણુ મોટો.

તારી ગણત્રી શું ?

છ ખંડના ચક્રવર્તી જેની સેવામાં હજારો દેવતા રહેતા હતા તેને પણ યમરાજે નથી છોડ્યા તો પછી તારી ગણત્રી શું ?

અનેક પ્રકારની શક્તિઓ હતી જેના પાસે એવા રાવણને પણ કાળના જડબામાં સમાઈ જવું પડ્યું તો પછી તારી ગણત્રી શું ?

સોનાના પહાડ ઊભા કરનાર નંદરાજાઓને પણ યમનું તેડું આવી ગયું હતું તો પછી તારી ગણત્રી શું ?

ધર્મતીર્થની સ્થાપના કરનાર અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોને પણ કાળે નથી છોડ્યા તો પછી તારી ગણત્રી શું ?

અરિહંતોમાં મોટા ગણાતા મહાવીર પ્રભુ ભાગમાં હતા ન હતા થઈ ગયા તો પછી તારી ગણત્રી શું ?

જેમના એક ધણકારે ધરતી ધ્રુજી ઉઠતી હતી એ પણ એક દિવસ ઉઠીને ચાલતા થયા તો પછી તારી ગણત્રી શું ?

સિકંદર જેવા વિજેતાને પણ એક દિવસ મૃત્યુ સામે હારવું પડયું હતું તો પછી તારી ગણત્રી શું ?



પર્વાધિરાજ

પર્યુષણ આવ્યાં !

ભવ્યોના માટે ભાવ અને જ્ઞાનપિપાસુઓના માટે જ્ઞાનનું દાન કરવા માટે આવ્યાં !

દાનેશ્વરીઓએ યોગ્યક્ષેત્રમાં દાન આપવાનો સંદેશ લઈને આવ્યાં !

મૈત્રીભાવ પ્રસારવા અને આત્મકલ્યાણ માટે સુંદર શિક્ષણ આપવા આવ્યાં !

સંપ્રદાહ ઘટાડવા અને મોટામાં મોટા બનવાનું બળ આપવા આવ્યાં !

આરાધનાનો માર્ગ બતાવવા અને જિનેન્દ્ર-વાણીને વરસાવવા આવ્યાં !

જડતાને જીતી લેવા અને વક્રતાને દૂર કરવાનો ઉપદેશ આપવા આવ્યાં !

શું લાવ્યાં ?

ક્રોધના અગ્નિને ઓલવવા ક્ષમાનું જળ લાવ્યાં !

માનના પહાડને ખોદી નાખવા નમ્રતાનું વજ્ર લાવ્યાં !

માયાની જાળને કાતરી નાખવા માટે સરળ-વૃત્તિની કાતર લાવ્યાં !

લોભના રાક્ષસને ઝેર કરવા માટે સંતોષનું શસ્ત્ર લાવ્યાં !

કષાયોના વિષને નષ્ટ કરવા પરમ શાંતિનો અમૃતકુંભ લાવ્યાં !

એને માટે શું કરવાનું ?

ભવના બંધનોનો અંત લાવવા સંપૂર્ણ [illegible] કરવાની આરાધના !

જિનેન્દ્ર ભગવંતની વાણી સાંભળીને, [illegible] કરવાનો આત્માને

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કયારે ય વિચાર્યું છે ખરું ?

કાળ કયારે ચડી આવશે ? ખબર નથી, જવાનું છે એ નક્કી છે, પછી શું કરવું એ કયારે ય વિચાર્યું છે ?

નશ્વર દેહના માટે પોતાના સમય ખર્ચ કરવા સાથે આત્માના માટે કેટલો સમય ખર્ચાય છે ? એ કયારે ય વિચાર્યું છે ?

શરીરને સજાવવા માટે બધું ય મેળવવાની ઝંખના જાગી છે પણ હૃદયને શણગારવવા માટે શું જોઈએ એ કયારે ય વિચાર્યું છે ?

ખૂબ લાડ પ્યારથી જેમને ઉછેર્યા છે એ જ એક દિવસ ભડભડતી આગમાં હોમી દેવાના છે ત્યારે મારે શું કરવું એ કયારે ય વિચાર્યું છે ?

ઘડપણમાં બધું ય કરીશના કહેનારા ઘડપણને દેખશે કે કેમ ? એ કયારે ય વિચાર્યું છે ?

ભાવ વગર કંઈ પણ સાર્થક નિવડતું નથી, પોતે ભાવપૂર્વક કરે છે કે માત્ર ડોળ જ કરે છે એ અંતરાત્મામાં કયારે ય વિચાર્યું છે ?

મનની મોજ અને ઈન્દ્રિયોની રીઝમાં તમારા આત્મદેવને કેટલું વેઠવું પડશે એ કયારે ય વિચાર્યું છે ?

આટલું કરજો !

અંતકાળ સુધારી શકાય એટલા માટે હંમેશાં પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ અને એમને સમર્પાં જવાની વૃત્તિ કેળવજો !

કોઈના માટે ફૂલ જેવા ન બની શકો તો શૂળ જેવા તો ન જ થજો !

કોઈનું સુધારી ન શકો તો બગાડવા માટે પાવરધા ન બનજો !

જીવન તમને જેટલું પ્રિય છે એટલું બીજાઓને પણ વ્હાલું છે એટલું ક્યારેય ન ભૂલશો !

તમારી પ્રશંસા કરાવવા ઇચ્છતા હો તો બીજાની પ્રશંસા કરતાં શીખજો !

કોઈને આપી ન શકો તો લૂંટી લેવાની વૃત્તિ ક્યારેય ન રાખશો !

કંઈ ન આપી શકો તો દુઃખીઆઓના આંસુ [illegible] ન પાડશો !

[illegible]

[illegible]

શિષ્ટાચાર, માન મર્યાદા અને સંયમની દિવાલને ઓળંગીને તમારા મનનો ઘોડો દોડી ન જાય માટે નિયમની લગામ હાથમાં રાખજો !

આપણા થાનના ટુકડા કરનારી કાતર જેવા ન બનતાં ટુકડાને સાંધનારી સોયના જેવા થજો !



પરમેષ્ઠિ સાન્નિધ્ય

જ્ઞાનાચારની શુદ્ધિ અને વિશુદ્ધિ ત્યારે થઈ શકે છે, જ્યારે અરિહંત ભગવંતના ઉપદેશેલા જ્ઞાનનું ચિંતન કરી શકીએ દર્શનાચાર ત્યારે જ ટકી શકે જ્યારે અપૂર્વ દર્શનીય એવા સિદ્ધભગવંતો ભણી આપણા ભાવનો વળાંક વાળીએ ! ચારિત્રાચારનું રક્ષણ ત્યારે જ શકય બને જ્યારે આચારોના પ્રતિપાલક, પાલક અને પ્રચારક આચાર્યભગવંતો પ્રત્યે સન્નિષ્ઠા રાખી શકે ! તપાચારને રક્ષવા માટે સ્વાધ્યાયતપમાં નિમગ્ન પૂજ્ય ઉપાધ્યાય ભગવંતો પ્રત્યેની ભક્તિ પ્રબળ થવી જોઈએ અને વીર્યાચારની પ્રવૃદ્ધિ માટે સાધના માર્ગમાં રત એવા સાધુભગવંતો પ્રત્યે અનન્યશ્રદ્ધા રહેવી જોઈએ ! પરિણામ જ્ઞાનાચારાદિ પંચાચારોની પાલના માટે અરિહંતાદિક પંચપરમેષ્ઠિઓનું સાનિધ્ય જ સર્વતોમુખી સહાયભૂત થઈ શકે છે.

દહેરાસર એટલે શું !

શાંતિનું ધામ.

જગતની અશાંતિથી પીડિત થયેલ આત્માઓને પરમ શાંતિ મેળવવા માટે એ શાંતિનું ધામ છે.

ધનભંડારની કુંચી.

આત્મધનના ભંડાર ઉપર અજ્ઞાનતાનું તાળું લાગેલું છે. જ્ઞાનનો પ્રકાશ મેળવવા અને એ તાળાને ખોલી નાખવા માટે એ અલૌકિક કુંચી જેવું છે.

સ્વચ્છ દર્પણ.

સ્વચ્છ દર્પણમાં જેમ પોતાનું પ્રતિબિંબ દેખાય છે તેવી જ રીતે આત્માનું પ્રતિબિંબ દેખાય. માટે દહેરાસર સ્વચ્છ દર્પણ જેવું છે.

દિવ્ય લેબોરેટરી.

લેબોરેટરીમાં જવાથી [illegible]

[illegible]

[illegible]

તને મળવાનું શું ?

તું આ પવિત્ર જીભથી દેવગુરૂના ગીત ગાવાને બદલે બીજાના દોષો ગાતો ફરે છે એથી તને મળવાનું શું ?

આ હાથને દાન આપી સફળ કરવાને બદલે બીજાના કાવાદાવા ગોઠવવા અને લખવામાં એનો ઉપયોગ કરી રહ્યો છે એથી તને મળવાનું શું ?

આ કાનોને વીતરાગવાણીના બે બોલ સાંભળી પવિત્ર કરવાને બદલે વ્યર્થની નિંદાભરી વાતો સાંભળવામાં વાપરે છે એથી તને મળવાનું શું ?

આ આંખોને દેવ કે ગુરૂના દર્શન કરીને પાવન કરવાના બદલે દુનિયાના નટનટીઓને કે પ્રદર્શનો દેખવામાં વાપરી રહ્યો છે તેથી તને મળવાનું શું ?

કોઈ સારા કામમાં વાંધા ઊભા કરી એ કામોને અટકાવવા પ્રયાસ કરે એથી તને મળવાનું શું ?

સાચી વાતને ખોટી દલીલથી ઊડાવી દે અને નામના મેળવી લે એથી તને મળવાનું શું ?

કોઈપણ સમયે કોઈ માટે જુઠી સાક્ષી અને ખોટા પૂરાવાઓ આપ્યા એથી તને મળવાનું શું ?

બેંકોમાં તારા નામનાં ખાતાં ખોલાયા. લાખો જમા મૂક્યા. ઉપર તારો જ હક્ક રાખ્યો તેથી તને મળવાનું શું ?

હજારોના વીમા ઉતરાવ્યા. હોંશ ભેર હપ્તા ભરતો રહ્યો. મને મળશેની લાલસા રાખે છતાં તને મળવાનું શું ?



પાવર હાઉસ અને ગોળો

પાવર હાઉસથી ઈલેક્ટ્રીક કરંટ બરાબર મળતો રહે, એ માટે તારનું કનેક્શન બરાબર રાખવું જોઈએ. જો તાર તૂટી જાય અથવા તો કપાઈ જાય તો પછી કેટલો મોટો ગોળો કેમ ન હો ? કેમ ન હો એ. સી કે ડી. સી. નો કરંટ છતાં પણ પ્રકાશ આપશે નહિ.

તેમ હૃદયના પાવર હાઉસથી [illegible]

પોતે ત્રણ ટાઇમ મોજમજા ઊડાવતા હોય ત્યારે પોતાનો સ્વધર્મીબન્ધુ શું કરે છે? એને ક્યારે ય પૂછ્યું છે ખરું?

જો મને સન્માન ગમતું હોય તો બીજાનું અપમાન કરીને એને ઠેસ પહોંચાડવાનો મને શું હક્ક છે? એ માટે પોતાના હૃદયને ક્યારે ય પૂછ્યું છે ખરું?



પ્રકાશ અને ઘર

ઘોર અંધારું વ્યાપ્યું હોય, ચારે બાજુ તમારાઓ ગણુ ગણી રહ્યા હોય. અને અમા પોતાના પૂર્ણરૂપમાં પ્રગટી ગઈ હોય ત્યારે કંઈ પણ ન દેખી, શકાય એવી સ્થિતિમાં ચારે બાજુ ભટકતા આથડતા માનવીને ક્યાંયથી એકાદ પ્રકાશ કિરણ દેખાય તો કેટલો આનંદ થાય? કારણ પ્રકાશથી જ બધું ય સમજી શકાય છે દેખી શકાય છે.

ભવોના ભયંકર અંધકારને ઉલેચનારા આત્માને વીતરાગ શાસનની પ્રાપ્તિ દિવ્ય પ્રકાશ સ્વરૂપ છે. એના વડે ચરણ, કરણ અને ધરણનો પૂરું જ્ઞાન થઈ જાય છે. જેથી પ્રત્યેકની પવિત્રતા જળવાઈ રહે.

[illegible]

સાચી શાંતિ નિર્વ્યસની અને ભોળું જીવનારને જ મળી શકે છે.

સૌના મિત્ર થવા માટે સૌની મિત્રતા રાખવી અમોઘ ઉપાય છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિથી બચવા માટે દેવ, ગુરુ અને ધર્મનું શરણું સ્વીકારવું એ જ શ્રેયસ્કર છે.

સારું ફળ મેળવવા સારાં બીજ વાવવાં જોઈએ.

જીભ ઉપર કાબૂ રાખવાની વૃત્તિ કરતાં પોતાના મન અને ઇન્દ્રિયો ઉપર કાબૂ રાખનાર મહાન છે.

વાસનાની ઉત્પત્તિ થાય તો પોતાની વાસનાને [illegible] જ [illegible].

[illegible]

[illegible]

[illegible]

[illegible]

રત્નકણિંકા

પ્રકૃતિ (સ્વભાવ) પાણીના જેવો હોવો જોઈએ. જેવી પરિસ્થિતિ હોય તેવું કરવા છતાં પોતાને જુદો રાખો.

સજ્જન મનુષ્ય ઈશારાથી સમજે છે, અલ્પ બોલે છે અને હૃદયમાં વિચારીને બોલે છે.

ઘણું હસવું એ અજ્ઞાનતાની નિશાની છે.

જિન આજ્ઞાનું પાલન કરીને કરાય એને જ કહેવાય આરાધના.

વૈદ્યનું કામ વિધિ બતાવવાનું છે, દવાનું સેવન તો રોગીએ પોતે જ કરવાનું હોય છે.

જીભ જ હસાવનાર અને રડાવનાર છે.

અર્થનું કામ ચક્કરને વધારે છે; પરમાર્થનું કામ ચક્કરથી મુક્તિ અપાવે છે.

યોગ્ય કારીગરના હાથમાં આવીને અણઘડ પાષાણ પણ પૂજ્યતાને પ્રાપ્ત કરે છે.

અનુચિત આચરણ પાપ અને સમુચિત આચરણ પુણ્ય કહેવાય છે.

ક્ષમા આપવી અને યાચવી એ વીરત્વનું લક્ષણ છે.

અધિક નવરાશ આળસ ઊભી કરે છે.

સુવર્ણ મંત્ર

માંકડા જેવું મન ક્યારેક શાંત અને ક્યારેક અશાંત બનાવનાર છે.

ભક્તિના સિદ્ધાંતની આધારશીલા એના અંતરમાં રહેલા વિચારો છે.

[illegible] મંત્ર [illegible] [illegible] દિવ્ય પ્રકાશ આપી શકાય છે.

[illegible] સાથ સંગાથમાં [illegible] છે અને [illegible] સાથ મુક્તિ નજીક કરી જાય છે.

[illegible] કોઈ પણ [illegible] (અહિંસા) [illegible] જાય છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શક્તિનો ઉપયોગ

શક્તિ સશક્ત બનાવી શકે છે અને અશક્ત બનાવવાનું સામર્થ્ય પણ એમાં જ રહેલું છે.

પ્રાણી માત્રમાં શક્તિ તો વધુ યા ઓછા પ્રમાણમાં રહેલી જ છે. અને એ વડે હૃદયમાં રહેલી અભિલાષા અરે આશાઓને પૂરી કરવા માટે તેનો પ્રયત્ન ચાલુ હોય છે.

છતાં શક્તિનો ઉપયોગ કરતાં આવડે તો જ તેનો સદુપયોગ થયો કહેવાય ! અન્યથા દુરૂપયોગ પણ થતાં વાર લાગતી નથી. સદુપયોગ કરી જાણે એની જ કિંમત અંકાય છે.

શક્તિનો સદુપયોગ કરનાર લોક માનસના પેટાળમાં સ્થાન પામેલો હોય છે, જેને એનું ધ્યાન જ નથી. એ સદા સીદાતો રહે છે.

શારીરિક શક્તિ એ શક્તિ નથી. ક્યારેક ક્યારેક મલ્લ ગણાતાને જર્જર કાયાવાળા વગર બળે કળથી નમાવી દેતા હોય છે. એ કળ એ જ આત્મશક્તિ.

જેનામાં એ આત્મશક્તિ હોય એ ધાર્યું કરી શકે છે.

શક્તિનો સદુપયોગ થાય ત્યારે જ આત્મશક્તિને પામી શકાય.

પથ્થરમાંથી પુષ્પ સુગંધની આશાએ શક્તિનો વ્યય કરવા જાય તો એનાથી શું અનુકૂળ સિદ્ધિ મળી શકવાની હતી?

આત્મશક્તિને પામવા માટે એના કારણભૂત સંયમ ધર્માનુષ્ઠાન આરાધના તરફ પણ તન, મન, અને વચનને વળાંક આપવો જરૂરી છે. એ તરફ જેમ જેમ પગરણ મંડાતાં જશે તેમ તેમ બાહ્યભૂત છૂટ જશે અને સારભૂત સમીપ આવતું જશે.

પોતાના પરિચય માટે થતો શક્તિનો વ્યય, અપવ્યય કહેવાય. અને પરની પ્રાપ્તિ માટેનો શક્તિ વ્યય દુર્વ્યય કહેવાય છે.

સદુપયોગ તેને જ કહેવાય જે પોતા માટે જેટલી હોય એટલા જ માટે શક્તિ બચાવીને બાકી રહે બાદ એને સાચવીને યોગ્ય ઉપયોગ કરે તેને જ સાચી સફળતા મળી શકે છે.

ૐ

બે સુમન

ધ્યાન અને યોગ; બે સુખદાતા [illegible] [illegible] કે આવી બાબતો જીવન સંસ્કાર. આ બે [illegible] જ [illegible] દુઃખની ઉપમા આપી શકાય કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માટે [illegible] જ [illegible] સમાવેલું.

નકામું......

વિનય વગરનું જીવન નકામું છે.
વિનોદ વગરનો દિવસ નકામો છે.
વિવેક વગરનો ભવ નકામો છે.

જ્ઞાન વગર જીવનમાં અંધારું છે.
ધ્યાન વગર સિદ્ધિમાં પાંગળાપણું છે.

ત્યાગ વગરનો સંગ્રહ નકામો છે.
રાગ વગરનો વિરાગ નકામો છે.

ભાવ વગરની ભક્તિ નકામી છે.
સમયજ્ઞપણા વિનાની શક્તિ નકામી છે.

બુદ્ધિ વિનાનું બળ નકામું છે.
વિદ્યા વિનાનો વિચાર નકામો છે.

સમજણ વિનાનો આચાર નકામો છે.
ચેતન વિનાનું પુદ્ગલ નકામું છે.

સમભાવ વિનાનું સામાયિક નકામું છે.
સદુપયોગ વિનાનું ધન નકામું છે.

ભણ્યા વિનાની કિશોરવય નકામી છે.
પુરુષાર્થ વિનાની યુવાની નકામી છે.
સંગઠન વિનાનો સમૂહ નકામો છે.

શાંતિ વિનાનું સ્થાન નકામું છે.
સદ્ભાવ વિનાની મૈત્રી નકામી છે.



રાગ અને ત્યાગ

સંસારના સંતાપ અને અશાંતિથી ભરેલા વાતાવરણમાં આત્માને કોઈ પણ સમયે સુખ પ્રાપ્ત થઈ જ નથી શક્યું, થઈ નથી શકતું ! પરમજ્ઞાની વિશ્વ વત્સલ વીતરાગ દેવ દ્વારા જે શાંતિનો માર્ગ બતાવવામાં આવ્યો છે. તે માર્ગ ઉપર પ્રયાણ કર્યા પછી જ પરમ આનંદની પ્રાપ્તિ થઈ શકે છે. એ માર્ગ છે પરિગ્રહનો ત્યાગ અને સંતોષનો રાગ.

વધતા જતા વિખવાદો અને ઝગડાઓમાં મુખ્ય-પણે એ પરિગ્રહનો રાગ જ ભાગ ભજવતો હોય છે.

[illegible]

માયાનું રૂપ અને સ્વાર્થની મૂંઝવણ [illegible]

જે જેવો, મળે તેથી તેવું

જો કરીશું નમસ્કાર તો મળશે સંસ્કાર; જો નહિ કરીએ નમસ્કાર તો છવાઈ જશે જીવન-પંથમાં ગાઢ તમસ્કાર ! નમસ્કાર કરવાથી નમી જાય છે અખિલ સંસાર ! પરમેષ્ઠિ ભગવંતોના ચરણ પવિત્ર છે, એટલું જ નહિ પરમ તારક શક્તિશાળી પણ છે. એમના શરણમાં જે જાય છે તે અભય અને નિર્ભય બની જાય છે. કારણ જેમના પાસે જેવું હોય તેમના પાસે જવાથી તેવું જ પ્રાપ્ત થાય છે.



રાગ, વિરાગ અને ત્યાગ

રાગ, વિરાગ અને ત્યાગ; દુનિયાના પ્રત્યેક પ્રાણીમાં આ ત્રણ પૈકી કોઈ એક જરૂર હોય છે. પરમ શ્રેષ્ઠ પરમાત્માના ચરણોમાં સર્વ સમર્પિત કરવાની વૃત્તિનો આવિર્ભાવ જ્યાં સુધી નથી થતો ત્યાં સુધી તેનો ભેદ સમજી શકાતો નથી. ભવ એટલે સંસારપ્રિય પ્રાણીઓ રાગ તરફ આકૃષ્ટ થતા હોય છે. ભવથી આગળ વધીને ભાવમાં લીન આત્માને વિરાગ પ્રિય હોય છે અને ત્યાગ એ જ કરી શકે છે જેને સ્વભાવ પ્રાપ્ત કરવાની ઝંખના છે.

મન અને આત્મા

મન અને આત્મા બન્ને ભિન્ન ભિન્ન છે. મનન મનથી કરાય છે. ભાવ આત્મામાં જાગૃત થાય છે. ભાવ સ્થિર રહે છે ત્યારે, ત્યારે મનન ઉપરાંત જેમ જેમ વિચારધારા વધતી જાય છે તેમ તેમ પૂર્વેના વિલય અને પાછળના આવિર્ભાવ થતા જાય છે. વિચાર જળ જેવા તરંગી હોય છે. ભાવ મેરુ જેવા અટલ હોય છે. ભાવોનું સ્ફુરણ અને વિકસન આત્માનું હોય છે. વિચારોનું સંકુચન અને વિકસન મનનું હોય છે. મનની ચંચળતા [illegible] ચાલતી રહે છે. ભાવોનું ગાંભીર્ય સદા એક જેવું રહે છે.



[illegible]

[illegible]

જ્ઞાતા અને દૃષ્ટા

અરે આત્મન્! મનના આ જળ તરંગી સ્વભાવથી ઘણું બધું ખોયું અને હજુ પણ તેની તરફદારી કરતી પ્રવૃત્તિ કરી રહ્યો છે તું! એનું કારણ એ જ છે કે હજુ સુધી તને પોતાની સ્થિરતાનું જ્ઞાન નથી. તું જ્ઞાતા (જાણકાર) થઈને અજ્ઞાત (અજાણ) થઈ રહ્યો છે. તું દૃષ્ટા થઈને આંખ મીંચામણાં કરી રહ્યો છે! તું સર્વશક્તિ સંપન્ન હોવા છતાં અશક્ત થઈ રહ્યો છે. તું શાશ્વત છે, દેહ નશ્વર છે. તું સચ્ચિદાનંદ સ્વરૂપ છે, દેહ નાશવંત છે. દેહાધ્યાસના કારણે તું પોતાના સ્વરૂપથી ઠગી રહ્યો છે. પરંતુ અંતે તો તારે તારી આ દેહાનંદી દશાનો પરિત્યાગ તો કરવો જ પડશે.



બે પાંખો

એક પાંખથી પક્ષી ઊડી શકતું નથી. એ પોતાની બન્ને પાંખોના બળ ઉપર ઉર્ધ્વ આકાશમાં સરળતાથી ઊડી શકે છે. એવી જ રીતે જ્ઞાન અને ક્રિયા બન્ને જ્યાં સુધી જીવનમાં નથી આવી જતા ત્યાં સુધી આત્મા સ્વયંના શ્રેયસ્પથમાં પ્રશસ્ત રીતે પ્રચલન કરી શકતો નથી.

નેતાની યોગ્યતા

નેતા એટલે સર્વ જનાઃ નેતા ઉપર દરેકનો વિશ્વાસ હોય છે. પરંતુ જ્યારે ત્યારે નેતા તદ્દન હિત હોય છે ત્યારે, મૂર્ખ વિશ્વાસનો નેતા પ્રત્યેકને મૂઢતાસ બનાવી દે છે. જેમાં જ્ઞાન હોય અને હોય પ્રતિભાઃ એટલું જ નહિ, જેમાં સમય આવ્યે દરેકને જગાડવાની શક્તિ હોય એ જ નેતા (આગેવાન) બનવાની યોગ્યતા ધરાવી શકે છે. નેતા બનાવતાં પહેલાં જનતાએ વિચારી જોવું જોઈએ અને નેતા બનતાં પહેલાં ઉમેદવારે પોતે પણ ખૂબ વિચારવું જોઈએ. તો જ સંપૂર્ણ સ્વાસ્થ્ય મુકત બધું ય થઈ શકે છે

[illegible]

[illegible]

મહામંત્રનું શરણુ

ગ્રીષ્મમાં તપેલા પ્રાણીને ઘેઘૂર વૃક્ષની છાયા કેટલી પ્રમોદ કારક હોય છે? રણ (રેગીસ્તાન)માં જનારા તૃષાથી પીડિત પ્રાણીને જળથી ભરેલા સરોવરની પ્રાપ્તિ કેટલી શાન્તિપ્રદાયક હોય છે? શ્રમથી કંટાળી ગયેલા પ્રાણીને આરામગૃહ કેટલું આનંદ પ્રદાયક હોય છે. એથી પણ ઘણું જ વધારે અનન્તગણું પ્રમોદકારક, શાન્તિ પ્રદાયક અને આરામપ્રદ હોય છે. મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રનું શરણ! કારણ ઘેઘૂર વૃક્ષ ગ્રીષ્મના એ તાપમાં પ્રમોદકારી બનનારૂં છે. જ્યારે મહામંત્ર તો જન્મ જન્મની ઉષ્ણતાના પરમતાપનું ઉપશમન કરનાર છે જેથી એ તો કલ્પતરૂ છે. સરોવર તો થોડી વાર એક વખતની તૃષા શાન્ત કરી દેશે ત્યારે મહામંત્રનું શરણ અનાદિકાળની તૃષાને શાન્ત કરી દેનારૂં બનશે! આરામ ગૃહથી સમય આવ્યે પ્રયાણ કરવું પડશે જ્યારે મંત્રાધિરાજ એવા આરામ ગૃહમાં લઈ જાય છે જ્યાંથી ફરી આવવું જ ન પડે!



કાર્યકરોનો આદર્શ

કર્તવ્યનું પાલન કાર્યકરોનું પ્રતીક હોય છે. અનુશાસનબદ્ધ રહેવું કાર્યકરોનું ધ્યેય હોય છે અને નિશ્ચયપૂર્વક જાનથી મોટું કામ કરવું કાર્યકરોનો આદર્શ હોય છે. [illegible] આવતી [illegible] રહેવું એ કાર્યકરોનો પરિચય હોય છે. અનુકૂળતા યા પ્રતિકૂળતામાં પોતાના કર્તવ્યથી કાર્યકર ક્યારે ય પાછી પાની કરતા નથી. દુનિયામાં કાર્યકર અનુશાસનથી કદાપિ વિચલિત થતા નથી. આવા કાર્યકર જ દેશ, [illegible] અને જીવનનો ઉદ્ધાર કરી શકે છે.

[illegible]

સાચું ધન

વ્યવહારમાં કહેવત છે કે 'વસુ વિના નર પશુ' એનો અર્થ એ નથી કે ધન વિનાનો માનવી પશુની શ્રેણિમાં ગણાય છે. પરંતુ એ ધન કયું? ચંચળ યા ક્ષણ ભંગુર છે એ નહિ અને નહિ મૃગતૃષ્ણાવર્દ્ધક; પરંતુ શાશ્વત ધન. અને એ છે સમ્યગ્જ્ઞાન રૂપ ધન. એનાથી રહિત મનુષ્ય અવશ્ય પશુની પંક્તિમાં ગણી શકાય છે. કારણ એના વિના સાર યા અસાર, સત્ય યા અસત્યનું જ્ઞાન થઈ શકતું નથી. અને વિવેકહીનતા પણ વધતી જાય છે.



નમસ્કાર

જેમાંથી ચાલ્યો ગયો છે 'મ'કાર એને જ કરવો જોઈએ નમસ્કાર; જ્યારે ઓગળી જાય 'મ'કાર ત્યારે જ થઈ શકે સાચો નમસ્કાર; સ્વાર્પણની સંપૂર્ણ ભાવના જાગૃત થાય ત્યારે જ સફળ થઈ શકે નમસ્કાર; નમસ્કારથી દૂર થાય છે તમસ્કાર; ગાઢ અંધકારને દૂર હટાવવા માટે ભાવપૂર્વક કરેલો નમસ્કાર અપૂર્વ શક્તિશાળી તેજ પુંજનું કામ કરે છે. પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર પરમ શ્રેષ્ઠ નમસ્કાર કહેવાય છે.

વચનની કિંમત

તમારી દરિદ્રતાનું પ્રદર્શન મત કરો! નહિ જગતના લોક એમને પણ તમારી ખબર પડી જશે. ધનથી દરિદ્ર હો તો ભલે હો; પરંતુ ખરો દરિદ્રી તો વચન દરિદ્રી છે. જેના પાસે યોગ્ય વચન નથી. યોગ્ય શબ્દ ન હોય તો મૌન રહી જજો, પરંતુ વચનમાં દેવાળું નિકાળનારી વાત મત કરો! જીવનમાં ધનથી પણ વધીને વચનની કિંમત છે. એમાં જે દેવાળું દેખાયું તો નક્કી સમજજો તમે કોઈ કાળમાં પ્રગતિ કરી શકશો નહિ અને જીવનભરના પરિશ્રમનું પરિણામ શૂન્ય જ આવશે.



સજ્જન કોણ!

સજ્જનોની સ્તુતિ પ્રેરણાદાયક હોય છે, જેટલા માટે એમનું સ્મરણ આવશ્યક કરતા રહેવું જોઈએ છે. સત્ય જેઓના મન, વચન, અને કાર્યમાં સંધી સાધીને વર્તે હોય એઓને કહેવાય છે સજ્જન! એઓને જ સજ્જનતાની એ ઉપાધિ મળી શકે છે.

શાંતિ અને ઉગ્રતા

વાત કરો થોડી શાંતિથી. ગરમીથી ગભરાવટ ફેલાઈ જશે. શાંતિથી થતી વાતમાં સુંદરતા અને સરળતા રહે છે, ગરમીથી વાત બગડી જાય છે. વાત એકની એક, છતાં કહેવાની રીત જુદી જુદી! પરિણામ સુખકારી યા દુઃખકારી થઈ શકે છે, એટલા માટે શાંતિના સાથે યોગ્ય રીતે કહેવું બોલવું જોઈએ.



ભાવના અને દુર્ભાવના

સદ્ભાવના આત્માભિમુખ કરનારી છે, દુર્ભાવના સંસાર તરફ લઈ જનારી છે. સદ્ભાવનાશીલ વ્યક્તિ પોતાના આત્મબળ ઉપર ચાલે છે. દુર્ભાવનાશીલ વ્યક્તિ બીજાના આશ્રય ઉપર ચાલનાર હોય છે. સદ્ભાવનામાં જીવમાત્રના કલ્યાણનું અમૃત ભરેલું રહે છે. દુર્ભાવનામાં હોય છે હળાહળ ઝેર! અમૃતથી અમરતા મળે છે, ઝેરથી જિંદગી અધવચમાં જ સમાપ્ત થઈ જાય છે. ભાવના અંધકારમાં પ્રકાશ આપનારી છે. દુર્ભાવના પ્રકાશમાં પણ અંધકાર કરનારી છે.

૫૫. બધાયનું

મનુષ્ય જીવનમાં બધું ય કરે છે છતાં પરિણામમાં શૂન્ય જ હોય છે. કારણ બધું ય બધાયનું હોય છે પોતાનું કંઈ નથી હોતું, બધું ય બધાય લઈ લે છે. પોતે પોતાનું લઈ શકતો નથી. જે બધાંનું છે તે પોતાનું નથી. પોતાનું પોતાને મળે ત્યારે સંપૂર્ણ આનંદ અને ઉલ્લાસ પ્રગટે છે. સ્વત્વનું ભાન કરવા માટે સ્વયંમાં સ્વસ્થ રહેવાનું હોય છે. વ્યક્તિ એકાન્તમાં બેસીને વિચારે ત્યારે જ સ્વત્વની આ વાતને સમજી શકે છે. કારણ, ધ્યાન ધરવા [illegible] છે. પરંતુ છે બધું ય એને સમજવા જાતે જ.

[illegible]

[illegible] વિચારોમાં [illegible] પોતાના [illegible] પોતાની [illegible]

જ્ઞાની અને અર્ધદગ્ધ

શું કોઈના સ્વભાવને કોઈ બદલી શકે છે? જ્ઞાનીઓ કહે છે સમજદારના સ્વભાવને બદલી શકાય છે, અથવા સર્વથા અજ્ઞાનીના સ્વભાવને બદલી શકાય છે. પરંતુ અર્ધદગ્ધને કોઈ પણ રીતે બદલી શકાતો નથી. એની સ્થિતિ શ્વાન પુચ્છ જેવી હોય છે. એટલા માટે અર્ધદગ્ધ બનવું યોગ્ય નથી અને સર્વથા નિરક્ષર ભટ્ટાચાર્ય બનવું પણ ઠીક નથી. એટલા માટે જ જ્ઞાન પ્રાપ્ત કરો! સમયજ્ઞ અને સમજદાર બનો.



વિનયનું ફળ

વિનય વિના બધું ય નકામું છે. જેટલું કરવામાં આવે એટલું બધું ય ત્યારે જ સાર્થક થઈ શકે છે જ્યારે એના મૂળમાં હોય વિનય! જેના મૂળમાં વિનય હોય એ કામ સિદ્ધ! જ્યાં સુધી વિનય નથી ત્યાં સુધી સફળતા દૂર રહે છે. વિખરાયેલા પુષ્પોને ભેગા કરવા આદમીને નમવું પડે છે. વિના નમે એના હાથમાં કંઈ આવી શકતું નથી. એવી જ રીતે વિખરાયેલા સદ્‌ગુણોને પામવા માટે વિનીત થયા વિના કામ થવું મુશ્કેલ છે.



સંસાર અને સંસારી

ક્રોધ અને માન બન્ને દ્વેષ વધારનાર છે, માયા અને લોભ રાગ વધારનાર છે. આખો સંસાર આ અરૂપી કારણોનો શિકાર બનેલો છે. સંસારથી વિરક્ત રહેનારને એ સ્પર્શ કરી શકતા નથી. એમનાથી જે દૂર રહે છે એ સંસારી નથી. સંસારમાં રહીને પણ એમનાથી દૂર રહેનાર સુખી રહી શકે છે.



વચ્ચેનો પરદો

વચ્ચે વસ્ત્ર (પરદો) આવી જાય છે ત્યારે સ્પષ્ટ અને સ્વચ્છ વસ્તુ પણ અસ્પષ્ટ અને મંદી દેખાવા માંડે છે, કારણ પેલી વસ્તુ મંદી નથી પડી પરંતુ દેખનાર દૃષ્ટિને મધ્યમાં આવનાર પરદો મંદ કરી દે છે. એવી જ રીતે જ્ઞાન ઉપર પરદો છવાયો છે, સમ્યગ્ જ્ઞાન ઉપર પટ્ટાવરણ આવી ગયું છે અને એથી જ જ્યોતિર્મય જ્ઞાન પ્રકાશ પણ મંદ થઈ રહ્યો છે. રસ્તો દેખાતો નથી ત્યારે રસ્તો દેખવા જોઈએ પ્રકાશ. એ પ્રકાશને પ્રાપ્ત કરવા દૂર કરો એ અજ્ઞાનતાનો પરદો અને પ્રાપ્ત કરો સમ્યગ્ જ્ઞાન.

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]



કમળ સમ હો વિકસિત સર્વનું અંતર